## મેઘરાજાએ સામાન્ય વરસાદ વરસાવતાં માર્ગો થયા હતા બિસ્માર

# અમરેલી જિલ્લામાં બિસ્માર બનેલ માર્ગોની મરામતની કામગીરીનો ધમધમાટ

જુના સાવર અને ભુવા ગામ વચ્ચે બિસ્માર થયેલા આશરે ૭૦૦ મીટર માર્ગની મરામત

૧૫૩ ટન મટિરિયલ, ૧૬ શ્રમિકોનાં ૨ દિવસમાં પ્રતિ દિન ૮ કલાકનાં માનવ શ્રમ દ્વારા કામગીરી

જિલ્લામાં જયાં પણ માર્ગમાં ખાડા પડયા છે તે તમામ જગ્યાએ ખાડા બુરી દેવાશે

માર્ગ-મકાન વિભાગની ટીમ વાહન વ્યવહાર બાધિત ન થાય તે માટે સક્રીય



અમરેલી, તા.૯

ચોમાસાના કારણે બિસ્માર થયેલા માર્ગોને યુદ્ધના ધોરણે મરામત કરી પૂર્વરત કરવાની મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચના હતી.

રાજય સરકારના આ દિશાનિર્દશો અનુસરતા અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન (રાજય) દ્વારા અમરેલી જિલ્લામાં વિવિધ માર્ગોની મરામતની કામગીરી શરૂ છે.

આ કામગીરીના ભાગરૂપે માર્ગ મકાન રાજય હસ્તકના અમરેલી જિલ્લાના લીલીયા અને સાવરકુંડલા તાલુકાને જોડતા જૂના સાવર-ભુવા ગામ વચ્ચેના માર્ગ પર પાણી ભરાઈ જતા તે માર્ગ બિસ્માર થયો હતો.

આ માર્ગ પર પડેલા ખાડાઓને પૂરવા આશરે ૭૦૦ મીટરના ભાગ પર ૧૬ શ્રમિકોએ બે દિવસ પ્રતિદિન એક શ્રમિકના ૮ કલાકના માનવશ્રમ દ્વારા અને સ્ટોનડસ્ટ, કપચી, રેતી સહિત આશરે ૧૫૩ ટન સામગ્રીના મિશ્રણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં જયાં જયાં ખાડાઓ પડવાની સમસ્યા સર્જાઈ છે ત્યાં માર્ગ મરામત અભિયાન અન્વયે સમારકામ કામગીરી બનતી ત્વરાએ થાય તે માટે અમરેલી માર્ગ મકાન રાજય કાર્યરત છે.

માર્ગો પર વાહનવ્યવહાર ખોરંભાય નહિ અને માર્ગ તેમજ વાહન વ્યવહાર માટે સાનુકૂળ સ્થિતિ જળવાઈ રહે તે માટે અમરેલી માર્ગ મકાન રાજય અને તેની ટીમ પ્રયત્નશીલ છે.

## અમરેલી નજીક આવેલ ચાંપાથળ ગામે

# શેત્રુંજી નદી પરનાં જુની હળિયાદ કોઝ-વે નું મરામત કાર્ય કરવામાં આવ્યુ

કોઝ-વેની જગ્યાએ મેજર બ્રિજ બનાવવા તંત્રનું આયોજન



અમરેલી, તા.૯

ભારે વરસાદથી અમરેલી તાલુકાના ચાંપાથળ ગામે શેત્રુંજી નદી પરનો જૂની હળિયાદ કોઝ-વે અસરગ્રસ્ત થયો હતો. આ કોઝ-વેનું જરૂરી મરામતકાર્ય થઈ શકે તે માટે તંત્ર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. વાહન ચાલકોને સુગમતા રહે તે માટે આ કોઝ-વેનું કામચલાઉ ધોરણે આ કોઝ-વેનું મરામત કાર્ય આરસીસી મટિરિયલ્સથી કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન પંચાયત હેઠળના ચાંપાથળ સાવરકુંડલા રોડ પરના આ કોઝ-વેની જગ્યાએ મેજર બ્રિજ બનાવવાનું પણ આયોજન માર્ગ અને મકાન પંચાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે.


જેથી ચાંપાથળ સહિતના વટેમાર્ગુઓને અવરજવર માટે સુવિધામાં વધારો થશે.

વધુમાં ભારે વરસાદની સ્થિતિ હોય તે દરમિયાન પડતી અગવડભરી સ્થિતિનું કાયમી નિરાકરણ થશે તેમ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયતના કાર્યપાલક ઈજનેરે એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## પોલીસ અધિક્ષકની સુચનાથી ૧૭ ટીમોએ ચેકીંગ શરૂ કર્યુ

# અમરેલી જિલ્લામાં કેટલાક દવાનાં વેપારીઓ નશાકારક દવાનુ વેચાણ કરતાં હોવાની આશંકા

જિલ્લાનાં ૩૫૦ જેટલા મેડિકલ સ્ટોરમાં તપાસ કરાઈ



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં કેટલાક દવાના વેપારીઓ દ્વારા ગેરકાયદેસર રીતે નશાકારક દવાનું વેચાણ થતું હોવાની બાતમી અમરેલી જિલ્લા પોલીસ વડાને મળતાં તેમની સૂચનાથી જિલ્લા એસ.ઓ.જી., એલ.સી.બી., પેરોલ સ્કવોર્ડ તેમજ સ્થાનિક પોલીસ સહિતની અલગ અલગ અલગ કુલ ૧૭ જેટલી ટીમો બનાવમાં આવી હતી. અને આ ટીમો દ્વારા અમરેલી જિલ્લા ખાતે આવેલ મેડીકલ સ્ટોર ખાતે સરપ્રાઈઝ ચેકિંગ કરવા માટે થઈ અને મેગા ડ્રાઈવ યોજી હતી. જેમાં અને અમરેલી જિલ્લાની આશરે ૩૫૦ જેટલા મેડીકલ સ્ટોર ખાતે ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતું. કોઈ સ્થળોએ ગેરકાયદેસર નશાકારક દવાનું વેચાણ થાય છે ? કે કેમ તે અંગે ચેકિંગ કરવામાં આવેલ હતું. જો કે કોઈ પણ જગ્યાએથી કોઈ વાંધાજનક દવા મળી આવેલ હતી નહી.

## જે રીક્ષાનો ઉપયોગ દિવસે માલસામાનની હેરફેરમાં થાય તેમાં ખાટલો બનાવ્યો

# સાવરકુંડલાનાં ખડસલી ગામનાં પ્રૌઢ ખેડૂતે પાક રક્ષણ માટે નવતર પ્રયોગ શરૂ કરી દીધો

રાત્રિનાં સમયે રિક્ષાને લઈ ખેતર ફરતે ચકકર લગાવે

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લાના ખેડૂતોને રાત્રિના સમયે પોતાના ખેતીવાડી વિસ્તારમાં જંગલી ભૂંડ તેમજ નીલગાયનો ત્રાસ વધારે હોય, રાત્રીના સમયે ખેતીવાડીનું ધ્યાન રાખવા માટે જાય છે. વાવેતર કર્યા બાદ જંગલી પશુઓ મોટી નુકસાની પહોંચાડતા હોય છે ત્યારે અનેક ખેડૂતો આજે આધુનિક સમયમાં હજુ પણ અનોખા કીમીયા અપનાવે છે.

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામમાં રહેતા કાંતિભાઈ મકવાણાએ જણાવ્યું હતુ કે, પોતાની ઉંમર ૫૦ વર્ષની છે અને અભ્યાસ ત્રણ ધોરણ સુધી કર્યો છે. પોતે અમરેલી જિલ્લાના અને વીજપડી રોડ ઉપર પોતાની વાડી આવેલી છે. પાંચ વીઘામાં મગફળીનું વાવેતર ચોમાસુ સિઝન દરમિયાન કરવામાં આવ્યું છે.

ચાલુ ચોમાસામાં મગફળીનું વાવેતર કર્યા બાદ રાત્રિના સમયે ખેતીવાડી વિસ્તારમાં જંગલી ભૂંડ તેમજ નીલગાયનો ખૂબ જ ત્રાસ છે અને નીલગાય અને ભૂંડ મોટું નુકસાન પહોંચાડતા હોય છે. જેથી રાત્રિના સમયે વાડીમાં પાક રક્ષણ કરવા માટે આવવું પડતું હોય છે.

તેઓએ જણાવ્યું કે, જો રાત્રિના સમયે ખેતીવાડીમાં પાક રક્ષણ કરવામાં ના આવે તો તો જંગલી ભૂંડ તથા નીલગાય મોટું નુકસાન પહોંચાડે છે. આજુબાજુના ત્રણથી ચાર ખેતરમાં જંગલી ભૂંડ અને નીલ ગાયે મોટું નુકસાન



પહોંચાડયું હતું. જેથી ખેડૂત પોતે રાત્રીના સમયે અહીં પાકનું રક્ષણ કરવા માટે આવે છે.

તેઓની પાસે પોતાની એક ભાર રીક્ષા છે જે રિક્ષામાં દિવસ દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાં અલગ અલગ ભાડા કરવામાં આવે છે અને તેમાં માલ વહન કરવામાં આવે છે. ત્યાર બાદ રાત્રિના સમયે આ ભાર રીક્ષા લઈને વાડીએ પાકના રક્ષણ કરવા માટે લઇ જવાય છે. પોતાની પાસે આજીવિકા માટે રીક્ષા હોય અને પોતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોય જેથી પોતે વાડીમાં પાકના રક્ષણ માટે જરૂરી માચડો બનાવવાના બદલે રાત્રે ભાર રીક્ષામાં દેશી જુગાડ કરી અને તેમાં એક ખાટલો તૈયાર કર્યો છે. ભાર રિક્ષાના બંને સાઈડ ઉપરના ભાગે લોખંડના પાઈપ બાંધવામાં આવ્યા છે અને પાઈપ ઉપર વરસાદ ન પડે તે માટે તાલપત્રી નાખવામાં આવેલ છે અને રીક્ષાની અંદર ખાટલો તૈયાર કરી અને રાત્રિના સમયે આ રીક્ષાને લઈ ખેતરના ફરતે રાઉન્ડ લગાવી પાકનું રક્ષણ કરે છે.

# અમરેલી જીલ્લા પોલીસ કર્મચારીની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

અમરેલી, તા. ૯

અમરેલી જીલ્લા પોલીસ કર્મચારીની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ની વાર્ષિક સાધારણ સભા આજે પોલીસ અધિક્ષક સંજય ખરાતના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં મંડળીના પ્રમુખ અને ડી.વાય.એસ.પી. એ.જી. ગોહીલ, ઈન્ચાર્જ રીઝર્વ પો.ઈન્સ. વી.એસ. ખટાણા, પોલીસ સબ ઈન્સ્પે. જે.એમ. કડછા, કે.એમ. રામાનંદી, પી.બી. ત્રીવેદી, મંડળીના મંત્રી અને એ.એસ.આઈ ડી.કે. રાઠોડ, મંડળીનું કામ કરનાર એલ.જે. મેરીયા તથા તમામ વ્યવસ્થાપક કમિટીના સભ્યો અને મંડળીના બહોળી સંખ્યામાં સભાસદો ભાઈઓ/બહેનો હાજર રહેલ હતાં.

આ પ્રસંગે પોલીસ અધિક્ષક સંજય ખરાત તરફથી મંડળીની પ્રગતિ થાય અને તમામ



સભાસદોને મંડળી દ્વારા સારા લાભો આપવા બાબત તેમજ લોનની મર્યાદામાં વધારો કરી મદદરૂપ થવા સુચન કરવામાં આવેલ હતી. આ તકે અમરેલી જીલ્લાના તમામ પોલીસ કર્મચારીઓ કે જેઓ હજુ સુધી મંડળીમાં સભાસદ થયેલ નથી. તેઓને પણ મંડળીમાં જોડાવા માટે ખાસ ભલામણ કરેલ છે.

ઉપરોકત તમામ સુચનોને મંડળીના પ્રમુખ એ.જી. ગોહીલએ વિસ્તાર પુર્વક હાજર તમામ સભાસદોને માર્ગદર્શન આપી અને લોન મર્યાદા, સભાસદ વેલ્ફેર સ્કીમ વિશે સમજણ આપેલ હતી. અને વધુમાં વધુ કર્મચારીઓ મંડળીના સભાસદ બને તે બાબતની ચર્ચા કરવામાં આવી હતી.

## નિંદામણ, દવા છંટકાવ, ખાતર, બિયારણની હોંશભેર કામગીરી શરૂ

# બાબરા પંથકમાં વરાપ નીકળતાં ખેડૂતો ખેતીકામમાં વ્યસ્ત

**મૌસમની શરૂઆતમાં સારો વરસાદ પડી જતાં જગતાત ગણાતા ખેડૂતોમાં ખૂશી છવાઈ**

**સમગ્ર પંથકમાં મગફળી, કપાસ, તલ, મગ, સોયાબિન સહિતની ખેતી જણસોનું મોટા પાયે વાવેતર**

**ખેડૂતો પરિવાર અને ખેત શ્રમિકને સાથે રાખીને ખેતીકાર્યમાં વ્યસ્ત બન્યા**

**હજુ થોડા દિવસ વરાપ રહે તો ખેતી પાકોને વધુ ફાયદો થશે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૯

બાબરામાં ચોમાસા દરમિયાન સિઝનનો શરૂઆતમાં સારો વરસાદ પડી જતા ખેડૂતોએ ભીમ અગિયારસની વાવણી કરી દીધી હતી અનેત્યારબાદ સતત સારો વરસાદ પડતા મૌલાતને સારો ફાયદો જોવા મળ્યો હતો. સતત એક મહિનાથી વરસાદ પડતાં ખેડૂતો પણ વરાપની રાહ જોઈને બેઠા હતા. કારણ કે સતત વરસાદના કારણે મૌલાત પીળી પડવા ની અને નિષ્ફળ જવાની ભીતિ સતાવી રહી હતી તેમજ વરાપ ન નીકળે ત્યાં સુધી નિંદામણ કે પાકના રક્ષણ માટે ખેડૂતો ખેતરમાં કોઈ કામ ન કરી શકે.

પણ મેઘરાજાની લાંબી ઈનિંગ બાદ છેલ્લા બે દિવસથી વરાપ નીકળતા ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતા અને ખેડૂતો પરિવાર તેમજ સ્થાનિક મજૂરોને લઈ સવાર-સાંજ સુધી વાડી ખેતરમાં કામે લાગી ગયા છે. અહીં સાતી ચલાવવા સહિત પાકની આસપાસ ખડ ઊગી નીકળતા નિંદામણ તેમજ જરૂરી દવા, બિયારણ અને ખાતરનો છંટકાવ કરતા જોવા મળ્યા હતા.

તાલુકાના મોટાભાગના ખેડૂતો ટ્રેક્ટર કે સ્નેડા વડે ખેતી કરતા જોવા મળે છે. અમૂક વાડી અને ખેતરોમાં બળદ ગાડા સાથે ખેતી કામ કરતા ખેડૂતો જોવા મળ્યા હતા. બાબરા પંથકમાં કપાસ અને મગફળીનું મોટું વાવેતર કરવામાં આવે છે અને ત્યારબાદ સોયાબિન અને કઠોળ માં મગ, અડદ સહિતનું વાવેતર કરવામાં આવે છે. હાલ ખેડૂતોએ વરસાદ સારો હોવાથી પાકમાં કોઈ નુકસાન નહિ હોવાનું જણાવી હજુ થોડાં દિવસ વરાપ નીકળે તો મૌલાતને વધુ અને સારો ફાયદો થશે.

**પાણીનાં તીવ્ર પ્રવાહથી ભારે ધોવાણ થયુ બાદ**

## અમરેલીનાં સણોસરા-રંગપુર વચ્ચેનાં માર્ગની મરામત પૂર્ણ કરાઈ

**રેતી-સિમેન્ટનાં મિશ્રણથી મરામત કામગીરી થઈ**



અમરેલી, તા. ૯

ભારે વરસાદથી અમરેલી તાલુકાના રંગપુર સણોસરા માર્ગ અસરગ્રસ્ત બન્યો હતો. પાણીના તીવ્ર પ્રવાહથી આ રસ્તાની બંને બાજુએ વધુ માત્રામાં ધોવાણ થયું હતું. અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત વિભાગ હેઠળના આ રસ્તાનું મરામત કાર્ય અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત તંત્ર ધ્વારા ત્વરાભેર પૂર્ણ કરવામાં આવ્યું હતું.

જેસીબી મશીનની મદદથી આ માર્ગનું જરૂરી મરામત કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું. રસ્તાનું વધારે ધોવાણ ન થાય તે માટે માર્ગ મરામત માટેની આવશ્યકતા મુજબ પથ્થર અને રેતી-સિમેન્ટના મિશ્રણના ઉપયોગ થકી રસ્તાના સમારકામની કામગીરી અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત તંત્ર ધ્વારા કરવામાં આવી હતી. તેમ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત તંત્ર ધ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૬૩૪

સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી.
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ધરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ
YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

ખુશ ખબર સારા સમાચાર TATA AIA LIFE INSURANCE ખુશ ખબર સારા સમાચાર ખુશ ખબર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254




આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

સ્વ. ડો. હિતેશ શાહની.....
શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો. કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
- કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન - કાનની બુઠનું ઓપરેશન
- એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭




* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ગૌરીવ્રત તેમજ જયાપાર્વતી વ્રત નિમિતે
મોળી વેફર્સ
બટેટા વેફર્સ - કેળા વેફર્સ - મોળો ફરાળી ચેવડો
સ્પે.માવાના પેંડા (જાયફળવાળા)
ટોપરાપાક - શીંગપાક
તેમજ વિવિધ ચટપટુ ફરસાણ તો ખરુજ...
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫




પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### ૨,૩૪૦ કિમી દરિયાકાંઠે થશે આર્થિક તકોનું સર્જન

# ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય

**ક્રૂઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે**

ગાંધીનગર, તા.૯

દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય બની ગયું છે. આ સાથે ભારતમાં વિશ્વ કક્ષાનો ક્રૂઝ પ્રવાસન ઉદ્યોગ વિકસાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાતે મહત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યએ ૨,૩૪૦ કિમીના દરિયાકિનારા અને સાબરમતી, નર્મદા જેવી નદીઓના વ્યૂહાત્મક મહત્વને ઓળખીને રાષ્ટ્રીય ક્રૂઝ એજન્ડાને આકાર આપવામાં સક્રિય ભૂમિકા ભજવી છે. ક્રૂઝ ભારત મિશન માટે ક્રૂઝ શિપિંગ પોલિસીની રૂપરેખા નક્કી કરવાના ઉદ્દેશથી ગુજરાત મેરીટાઈમ બોર્ડે (GMB) ૬ મેએ એક-દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમાં વિવિધ હિતધારકોએ હાજરી આપી હતી. GMB દ્વારા આયોજિત આ વર્કશોપમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચીફ નોટિકલ ઑફિસર (HQ) કૅપ્ટન બંશીવા લાડવા, GMBના વાઈસ ચૅરમૅન અને સીઈઓ રાજકુમાર બેનીવાલ (IAS)એ મહત્વનું સંબોધન કર્યું હતું. તેમણે રાજ્યની વધી રહેલી દરિયાઈ ક્ષમતાઓ તેમજ ઊભરતા ક્રૂઝ ટુરિઝમ ક્ષેત્રની આર્થિક તકો પર ભાર મૂક્યો હતો.

વર્કશોપના પ્રથમ સત્રમાં મેરીટાઈમ અને ટુરિઝમ નિષ્ણાતોની ઉપસ્થિતિમાં "નીતિ અને માળખાગત સુવિધા- ભારતમાં ક્રૂઝ ક્ષેત્રના વિકાસ માટે પાયો નાખવો" એ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ઈન્ડિયન પોર્ટ્સ એસોસિએશનના સલાહકાર રાજીવ જલોટાએ ક્રૂઝ ભારત મિશન હેઠળ વ્યૂહાત્મક લક્ષ્યોની રૂપરેખા આપી હતી. મુંબઈ પોર્ટ ઑથોરિટીના અધ્યક્ષ શ્રી સુશીલ કુમાર સિંહે બંદરોની તૈયારી અને સ્પષ્ટ બર્થિંગ પોલિસીની જરૂરિયાત પર ચર્ચા કરી હતી. FRRO, કોચીનના કૃષ્ણરાજ આર. એ ઈમિગ્રેશન અને દરિયા કિનારાની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જ્યારે ગોવા ઈન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલના CEO ગૌતમ ડેએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ્સ અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો હતો.

ગુજરાતનો રોડમૅપ રજૂ કરતાં રાજકુમાર બેનીવાલે રોકાણને અનુરૂપ પોલિસીઓ બનાવીને વિશ્વ કક્ષાના ક્રૂઝ ટર્મિનલ માટે રાજ્યની યોજના વિશે માહિતી આપી હતી. ગુજરાત ટુરિઝમના મૅનેજિંગ ડિરેક્ટર સાઈદિંગપુઈ છાકછુઆક (IAS)એ મુસાફરો માટે ક્રૂઝ-રેડી સ્થળો અને ઓનશોર પ્રવાસન વિકસાવવા માટેની વ્યૂહરચના રજૂ કરી હતી. કૃષ્ણરાજ આર. (IPS)એ કાર્યક્ષમ ઈમિગ્રેશન પ્રક્રિયાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને પ્રવાસીઓના સંચાલનને સુવ્યવસ્થિત કરવા માટે ડિજિટલ ટેક્નોલૉજીના ઉપયોગની ભલામણ કરી હતી. બંદરો અને પરિવહન વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે ગુજરાતને એક અગ્રણી ક્રૂઝ હબ તરીકે સ્થાપિત કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યનો વ્યાપક અભિગમ, તેની માળખાગત સુવિધાઓ, નીતિ અને પ્રવાસન વિકાસ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે.

ત્યારબાદ વર્કશોપના પ્રશ્નોત્તરી સત્ર દરમ્યાન સહભાગીઓએ રાજ્ય માટે એક મજબૂત ક્રૂઝ નીતિ બનાવવા સંદર્ભે તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. તો પૅનલ સત્રમાં પૅનલિસ્ટોએ હાલના પડકારોને સંબોધીને ભવિષ્યમાં ક્રૂઝ ક્ષેત્રે રહેલી સંભાવનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સત્ર સહભાગીઓ અને ઉદ્યોગના દિગ્ગજો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે મહત્વનું માધ્યમ બન્યું હતું.

ક્રૂઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં દીવ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા અને પડાલા ટાપુ જેવા મુખ્ય સ્થળો તેમજ કાર્યરત ઘોઘા-હઝીરા રો-પેક્સ સેવાનો પણ સમાવેશ થાય છે. પ્રસ્તાવિત રૂટને ત્રણ ક્લસ્ટરમાં વિભાજિત કરવામાં આવ્યા છેઃ

- ★ પડાલા ટાપુ- કચ્છનું રણ
- ★ પોરબંદર-વેરાવળ-દીવ
- ★ દ્વારકા-ઓખા-જામનગર

દરેક ક્લસ્ટર પ્રવાસનને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવ્યું છે. ખાસ તો, એ ક્લસ્ટરના ૧૦૦ કિમીની અંદર મુખ્ય ધાર્મિક, નૈસર્ગિક અને સાંસ્કૃતિક સ્થળોનો સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે, જેથી ક્રૂઝ મુસાફરોને વધુ આકર્ષણ અને મનોરંજનના વિકલ્પો મળી રહે. ઉલ્લેખનીય છે કે, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા ક્રૂઝ ભારત મિશનની શરૂઆત કરવામાં આવી હતી. આ મિશનનો ઉદ્દેશ આગામી દાયકામાં ભારતને વિશ્વ સ્તરનું ક્રૂઝ પર્યટન કેન્દ્ર બનાવવાનો છે અને ૨૦૨૯ સુધીમાં દરિયાઈ ક્રૂઝ પ્રવાસનને દસ ગણું વધારવાનો છે. દેશમાં મુંબઈ, કોચીન, ચેન્નઈ, અને મોર્મુગાઓ જેવા મુખ્ય બંદરોએ ક્રૂઝ ટર્મિનલ વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે ત્યારે ગુજરાત પણ ભવિષ્યમાં એક સમર્પિત ક્રૂઝ ટર્મિનલ બનાવીને રાષ્ટ્રીય મિશનમાં નોંધપાત્ર ફાળો આપશે.

તાજેતરમાં આયોજિત વર્કશોપ આ દિશામાં મહત્વનું પગલું છે. આ વર્કશોપના માધ્યમથી ગુજરાત માટે એક વ્યાપક, કાર્યક્ષમ ક્રૂઝ ટુરિઝમ નીતિ ઘડાય તેવી અપેક્ષા છે. સ્પષ્ટ વિઝન, સરકારના સમર્થન અને વ્યૂહાત્મક માળખાગત યોજનાઓ સાથે ગુજરાત ભારતના ક્રૂઝ પર્યટન ક્ષેત્રે અગ્રેસર બનવા તૈયાર છે.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું નિવેદન

# નિવૃત્તિ બાદ હું મારું જીવન વેદો, ઉપનિષદો અને પ્રાકૃતિક ખેતીને સમર્પિત કરીશ

**અમિત શાહે મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સહકારી ક્ષેત્રની મહિલાઓ અને અન્ય સહકારી કાર્યકરો સાથે સંવાદ કર્યો**

નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સહકારી ક્ષેત્રની મહિલાઓ અને અન્ય સહકારી કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. જેમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં સહકારી ક્ષેત્ર મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે એક મજબૂત માધ્યમ બન્યું છે. અમિત શાહે કાર્યક્રમમાં બનાસકાંઠાનો ઉલ્લેખ કરી કહ્યું કે, 'જ્યારે મારો જન્મ થયો ત્યારે બનાસકાંઠાના લોકોને અઠવાડિયામાં ફક્ત એક જ વાર નહાવા માટે પાણી મળતું હતું. મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો કદાચ આ વાતથી વાકેફ નહીં હોય, પરંતુ બનાસકાંઠા અને કચ્છ ગુજરાતના સૌથી વધુ પાણીની અછત ધરાવતા જિલ્લાઓમાંના એક હતા. આજે એક પરિવાર ફક્ત દૂધ ઉત્પાદનમાંથી વાર્ષિક એક કરોડ રૂપિયાની કમાણી કરે છે, જે એક મોટો ફેરફાર છે.'

તેમણે વધુમાં કહ્યું કે, 'મેં નિર્ણય કર્યો છે કે, નિવૃત્તિ બાદ હું મારું બાકીનું જીવન વેદ, ઉપનિષદ અને પ્રાકૃતિક ખેતીના અભ્યાસમાં સમર્પિત કરી દઈશ. પ્રાકૃતિક ખેતી એક વૈજ્ઞાનિક પ્રયોગ છે, જેના અનેક ફાયદા છે. જેમ કે, રાસાયણિક ખાતરોથી ઉગાડેલા ઘઉં ક્યારેક કેન્સર, હાઈ બીપી, ડાયાબિટીસ અને થાઈરોઈડને લગતી આરોગ્યની સમસ્યાઓ સર્જે છે, જ્યારે પ્રાકૃતિક ખેતી શરીરને રોગમુક્ત રાખવાની સાથે કૃષિ ઉત્પાદકતા પણ વધારે છે.

ગૃહ મંત્રીએ સંબોધનમાં કહ્યું કે, 'સહકાર મંત્રાલય વડાપ્રધાન મોદીના 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝન મુજબ ખેડૂતોને સશક્ત બનાવીને, ગ્રામીણ અર્થતંત્રની સાથે દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી રહ્યું છે.' આ દરમિયાન અમિત શાહે ત્યાં હાજર લોકોના પ્રશ્નોનો પણ જવાબ આપ્યો હતો. એક વ્યક્તિના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, 'અમે પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ (PACS) માટે લગભગ ૨૫ નાના વ્યવસાય મોડેલ ઓળખ્યા છે. બધા છઝજીએ તેમને વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડીને સમૃદ્ધ બનાવવા માટે કામ કરવું જોઈએ.'

### પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું

# સુશાસન માટે મને નોબલ પુરસ્કાર મળવો જોઈએ

**જેટલા દિવસ અમારી સરકાર રહી, અમને કામ કરતાં અટકાવવામાં આવ્યા હોવા છતાં અમે કામ કર્યું: કેજરીવાલ**

નવી દિલ્હી, તા.૯

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, સુશાસન માટે મને નોબલ પુરસ્કાર મળવો જોઈએ. એલજીએ અટકાવ્યા હોવા છતાં મેં જેટલુ કામ કર્યું છે, તેને ધ્યાનમાં લેતાં શાસન અને વહીવટી તંત્ર માટે મને નોબલ પુરસ્કાર મળવો જોઈએ. અગાઉ પણ કેજરીવાલે પોતાના બે સાથી મિત્રો મનિષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન માટે ભારત રત્નની માગ કરી હતી.

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા જાસમીન શાહના પુસ્તક કેજરીવાલ મૉડલને પંજાબી ભાષામાં લોન્ચ કરવામાં આવ્યું છે. પંજાબના મોહાલીમાં સ્થિત કલકટ ભવનમાં આયોજિત કાર્યક્રમમાં કેજરીવાલે પોતાની એક સામાન્ય કર્મચારીથી નેતા બનવા સુધીની વાર્તા સંભળાવી હતી. દિલ્હીમાં પોતાની સરકાર દ્વારા કરવામાં આવેલા કામકાજનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે પોતાની સરકારમાં થયેલા કામકાજના વખાણ કર્યા હતાં. ઉલ્લેખનીય છે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ પોતાના માટે નોબલ પ્રાઈઝની માગ કરી છે.

આરટીઆઈ કાર્યકર તરીકે મેગ્સેસે એવોર્ડ જીતનારા અરવિંદ કેજરીવાલે પોતાના માટે નોબલ પુરસ્કારની માગ કરી છે. તેમણે કહ્યું કે, જેટલા દિવસ અમારી સરકાર રહી, અમને કામ કરતાં અટકાવવામાં આવ્યા હોવા છતાં અમે કામ કર્યું. મને લાગે છે. મને ગવર્નન્સની ઉપર અને એડમિનિસ્ટ્રેશનની અંદર રહીને ઘણા સારા કામો કરવા બદલ નોબલ પુરસ્કાર મળવો જોઈએ. લેફ્ટનન્ટ ગવર્નરે અટકાવ્યો હોવા છતાં મેં દિલ્હીમાં અનેક કામો કર્યા. વધુમાં ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, તેઓ કામ કરવા માગતા પણ નથી, અને કરવા દેવા પણ. ત્રણ વખત દિલ્હીના મુખ્યમંત્રી રહી ચૂકેલા અરવિંદ કેજરીવાલને કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂક કરાયેલા લેફ્ટનન્ટ ગવર્નર દરેક કામમાં અટકાવતાં હતા.

કેજરીવાલે આગળ કહ્યું કે, હું એક એવુ મૉડલ બનાવવા માગતો હતો કે, સરકારી શાળા અને હોસ્પિટલ શ્રેષ્ઠ બને. હું કોઈ રાજા નથી. મને ચૂંટણી જીતવાનો પણ શોખ નથી. પણ હું ઈચ્છતો હતો કે, અમે એક મૉડલ તૈયાર કરીએ. એક એવી અપેક્ષા કે, જે આપણા દેશમાં વિસરાઈ ગઈ હતી કે, સરકારી શાળા અને હોસ્પિટલ શ્રેષ્ઠ સેવા આપનારા બની શકે છે. અમે લોકોનો માઈન્ડસેટ બદલવા માગતા હતા કે, પ્રમાણિકતા સાથે કામ કરીએ તો શાળા પણ ઠીક થઈ શકે છે, હોસ્પિટલ પણ ઠીક થઈ શકે છે. વીજ સેવા અને રસ્તાઓ પણ ઠીક થઈ શકે છે. અમે તે કરીને બતાવ્યું છે.

### મુજપુર-ગંભીરા બ્રિજ વહેલી સવારે તૂટી પડ્યો

# મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યા

**મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દુર્ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કરવાની સાથે આ મામલે તપાસના આદેશ આપ્યા હતા**

વડોદરા, તા.૯

મહીસાગર નદી પર આવેલો મુજપુર-ગંભીરા બ્રિજ આજે વહેલી સવારે તૂટી પડતાં ૯ જેટલા લોકોના મોત થયા છે. આ ઘટના પગલે મુખ્યમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું અને તપાસના આદેશ આપ્યા હતા.

ઉલ્લેખનીય છે કે જોખમી બ્રિજને લઈને જાગૃત નાગરિકો દ્વારા અગાઉ રજૂઆત કરવા છતાં સરકાર કે તંત્ર જાગ્યું ન હતું, પરંતુ બ્રિજ તૂટી પડવાની ઘટનામાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા બાદ ઊંઘ ઉડી છે. ગંભીરા બ્રિજ તૂટી પડવાના કારણો તથા અન્ય ટેકનિકલ બાબતો પર પ્રાથમિક તપાસ હાથ ધરી અહેવાલ આપવા સૂચના આપવામાં આવી છે. મુખ્યમંત્રીના આદેશ બાદ તંત્ર એલર્ટ થઈ ગયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને દુર્ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કરવાની સાથે તપાસના આદેશ આપ્યા હતા. તેમણે લખ્યું હતું કે આણંદ અને વડોદરાને જોડતા ગંભીરા બ્રિજના ૨૩ ગાળા પૈકીનો ૧ ગાળો તૂટી પડવાથી સર્જાયેલી દુર્ઘટના દુઃખદ છે.

દુર્ઘટનામાં જીવ ગુમાવનાર મૃતકોના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરું છું. ઈજાગ્રસ્ત થયેલા લોકોની તત્કાલ સારવાર વ્યવસ્થા માટે વડોદરા કલેકટર સાથે વાતચીત કરીને અગ્રતા ક્રમે પ્રબંધ કરવાની સૂચનાઓ આપી છે. દુર્ઘટના સ્થળે બચાવ રાહત કામગીરી માટે સ્થાનિક નગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકાની ફાયરબ્રિગેડ ટીમ બોટ્સ અને તરવૈયાઓ સાથે કાર્યરત છે, તેમજ NDRFની ટીમ પણ ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરીમાં જોડાઈ છે. આ દુર્ઘટના અંગે માર્ગ મકાન વિભાગને તાત્કાલિક તપાસના આદેશો આપ્યા છે.

આ માટે ચીફ એન્જિનિયર-ડિઝાઈન તથા ચીફ ઈજનેર-સાઉથ ગુજરાત અને પુલ નિર્માણમાં નિષ્ણાત અન્ય બે ખાનગી ઈજનેરોની ટીમને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને બ્રિજ તૂટી પડવાના કારણો તથા અન્ય ટેકનિકલ બાબતો પર પ્રાથમિક તપાસ હાથ ધરી અહેવાલ આપવા સૂચના આપી છે.

### ગુજરાતમાં બ્રિજ તૂટવાનો કાળો ઈતિહાસ

# જાણો અત્યાર સુધી ક્યાં-ક્યારે બની આવી ઘટના

**વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર નજીર મહીસાગર નદી પરનો ગંભીરા બ્રિજ વહેલી સવારે તૂટી પડ્યો હતો**

વડોદરા, તા.૯

જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર નજીર મહીસાગર નદી પરનો ગંભીરા બ્રિજ વહેલી સવારે તૂટી પડ્યો છે. ઘણાં સમયથી જર્જરીત ગંભીરા બ્રિજ તૂટી પડતા હાહાકાર મચી ગયો હતો. ઘટનામાં બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી બે ટ્રક, એક બોલેરો જીપ સહિત ૪ વાહનો મહીસાગર નદીમાં ખાબક્યા હતા. જેમાં ૯ વ્યક્તિઓના મોત થયા છે. જ્યારે ૯ વ્યક્તિને રેસ્ક્યૂ કરી બચાવી લેવામાં આવ્યા છે. જોકે, ગુજરાતમાં બ્રિજ તૂટવાનો કાળો ઈતિહાસ છે. મોરબી, તાપી, સુરેન્દ્રનગર અને હવે વડોદરા. ગંભીરા બ્રિજ તૂટવાનો આ પહેલો બનાવ નથી. અત્યાર સુધી આવા ઘણા બનાવો બની ચૂક્યા છે.

મુમતપુરા બ્રિજનો એક સ્પાન પડ્યો : અમદાવાદના મુમતપુર બ્રિજનો એક ભાગ ૨૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ધરાશાયી થયો હતો. મુમતપુરા બ્રિજનો એક સ્પાન પડી ગયો હતો.

મોરબીના હળવદમાં એક વર્ષ પહેલાં બનાવેલો બ્રિજ ધરાશાયી : હળવદમાં એક વર્ષ પહેલા જ બનાવવામાં આવેલો પુલ ૨૬ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ ધરાશાયી થઈ ગયો હતો. નવા કોયબાથી જુના કોયબાને જોડતો પુલ ભારે વરસાદમાં ધરાશાયી થઈ ગયો હતો.

મોરબી પુલ દુર્ઘટના : ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ મચ્છુ નદી પર બનેલો ઝુલતો પુલ તૂટી પડ્યો. જેના કારણે ૧૪૧ લોકોનાં મોત થયા હતા. ૧૯મી સદીમાં બંધાયેલો પુલ ચાર દિવસ અગાઉ સમારકામ બાદ ખુલ્લો મૂકયો હતો. આ બ્રિજ પર ૫૦૦થી વધુ લોકો હતા જ્યારે તેની ક્ષમતા માત્ર ૧૨૫ લોકોની હતી.

સુરત શહેરમાં મેટ્રોનો પુલ ઉદ્ઘાટન પહેલાં નમી ગયો : સારોલીમાં મેટ્રો ફલાયઓવરનો એકભાગ ઉદ્ઘાટન થાય એ પહેલા ક્ષતિગ્રસ્ત થતાં નમી ગયો હતો. સાથે બ્રિજનાં સ્લેબમાં તિરાડ પણ પડી હતી. મેટ્રોની કામગીરી સમયે આ બનાવ બન્યો હતો.

મહેસાણાના આંબેડકર બ્રિજનો એક ભાગ બેસી ગયો : ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના આ બનાવ બન્યો હતો. બ્રિજને રીપેર કરવા માટે તંત્રને અનેકવાર રજૂઆત કરાઈ હતી.

ચોટીલાના હબિયાસર ગામ પાસેનો પુલ ધરાશાયી : ભારે વરસાદથી હબિયાસર ગામ પાસેનો પુલ ધરાશાયી થયો હતો. તંત્ર દ્વારા પૂલ પરથી વાહનોની અવરજવર બંધ કરવામાં આવી હતી. આ પુલ અંદાજે પાંચથી વધુ ગામોને જોડતો હતો.પાલનપુરમાં નિર્માણાધીન ઓવરબ્રિજ તૂટી પડ્યો : પાલનપુર આરટીઓ સર્કલ પાસે નિર્માણાધિન ઓવરબ્રિજ ૨૩ ઓટોબર ૨૦૨૩એ ધરાશાયી થયો હતો. ઓવર બ્રિજનો એક ભાગ તૂટી પડતા રીક્ષા ચાલક સહિત ત્રણ વ્યક્તિ કાટમાળમાં દટાયા હતા. આરટીઓ સર્કલ ખાતે બની રહેલા ફ્લાયઓવરના બે ગર્ડર તૂટ્યા હતા. જેમાં રીક્ષા ચાલકનું મોત નીપજ્યું હતું.

ખેડા જિલ્લાના બામણગામથી પરિએજને જોડતો બ્રિજ ધરાશાયી : ખેડાના પરીએજથી બામણ ગામને જોડતો કેનાલ પરનો બ્રિજ ૪ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ધરાશાયી થયો હતો. આ બ્રિજ લાંબા સમયથી જર્જરિત હતો. જૂનાગઢનો ધંધુસરનો ૪૫ વર્ષ જૂનો બ્રિજ ધરાશાયી : વર્ષ ૨૦૨૩માં જૂનાગઢમાં ઉબેણ નદી પરનો ૪૫ વર્ષ જૂનો ધંધુસરના બ્રિજનો કેટલોક ભાગ તૂટ્યો હતો. આ બ્રિજનું ૧૯૭૫માં નિર્માણ થયું હતું. રાજકોટના માધાપર ચોકડી પાસે બ્રિજનો પિયરનો ટોપ ધરાશાયી : ૨૫ જાન્યુઆરી ૨૦૨૨માં દોઢસો ફૂટ રીંગરોડ પર માધાપર ચોક ખાતે બની રહેલા બ્રિજના કામ દરમિયાન એક પિયર ઉપર કૉંક્રિટની કેપની કામગીરી ચાલુ હતી ત્યાં ધસી પડયો હતો. જેમાં બે શ્રમિકો ઈજાગ્રસ્ત થાય હતા.બોટાદમાં પાટલીયા નદી પર બનેલો પુલ ધરાશાયી : બોટાદના જનડા ગામમાં પાટલીયા નદી પર બનેલો પુલ ધોધમાર વરસાદને કારણે ધરાશાયી થયો હતો. માત્ર ત્રણ વર્ષ પહેલા લાખો રૂપિયાના ખર્ચે બનેલો આ પુલ તૂટી ગયો હતો.અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ : હાટકેશ્વર પુલ બન્યો ત્યારથી વિવાદનું ઘર બન્યો હતો. વર્ષ-૨૦૧૭માં રુપિયા ૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલો બ્રિજ માત્ર ચાર વર્ષથી પણ ઓછા સમયમાં ડેમેજ થઈ ગયો હતો. આ બ્રિજ ૧૦૦ વર્ષના આયુષ્ય સાથે બનાવવામાં આવેલો બ્રિજ માત્ર ૫ વર્ષમાં હાંફી ગયો હતો.

### ગુજરાતમાં અવારનવાર મોટી દુર્ઘટનાઓ બનતી રહે છે

# રાજ્યની ૮ મોટી દુર્ઘટના, જેમાં સરકારના કડક પગલાં માત્ર કાગળ પર જ રહ્યા

**ગુજરાતમાં મોટી દુર્ઘટનાઓ બનતી રહે છે અને દર વખતે તંત્રની બેદરકારી અને નિષ્ક્રિયતા સામે આવે છે**

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં અવારનવાર મોટી દુર્ઘટનાઓ બનતી રહે છે અને કમનસીબે દર વખતે તંત્રની બેદરકારી અને નિષ્ક્રિયતા સામે આવે છે. જે અકસ્માતોને સહેલાઈથી ટાળી શકાયા હોત તેવી ઘટનાઓમાં પણ "કડક કાર્યવાહી" અને "કડક પગલાં" લેવાની ખાતરી સિવાય કશું મળતું નથી. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તેવા વચનો આપવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા જુદી જ હોય છે. ચાલો, ગંભીરા બ્રિજ દુર્ઘટના પહેલાં બનેલી કેટલીક મોટી ઘટનાઓ પર નજર કરીએ, જ્યાં તંત્રએ કડક પગલાં લેવાના આદેશ આપ્યા હતા.

કાંકરિયા રાઈડ દુર્ઘટના (૨૦૧૯) : અમદાવાદના કાંકરિયા એમ્યુઝમેન્ટ પાર્કમાં જોયરાઈડ તૂટી પડતાં કેટલાક લોકોના મોત થયા હતા અને ઘણા ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનામાં રાઈડની જાળવણી અને સુરક્ષા ધોરણો પર ગંભીર સવાલો ઉઠ્યા હતા. તે સમયે પણ જવાબદારો સામે કડક કાર્યવાહીની ખાતરી આપવામાં આવી હતી. સુરત તક્ષશિલા આગકાંડ (૨૦૧૯): સુરતની તક્ષશિલા આર્કેડમાં લાગેલી આગમાં ૨૨ વિદ્યાર્થીઓના કરૂણ મોત થયા હતા. આ ઘટનામાં ઈમારતમાં ફાયર સેફ્ટીના નિયમોનો સરેઆમ ભંગ થયો હતો. આ આગકાંડ બાદ પણ ફાયર સેફ્ટીના નિયમોના કડક અમલની વાતો થઈ હતી.

ભરૂચ હોસ્પિટલ આગકાંડ (૨૦૨૧) : ભરૂચ વેલ્ફેર હોસ્પિટલ, જે કોવિડ-૧૯ના દર્દીઓ માટે સમર્પિત હોસ્પિટલ હતી. આ આગમાં ઓછામાં ઓછા ૧૬ કોવિડ-૧૯ દર્દીઓ અને ૨ નર્સો સહિત કુલ ૧૮ લોકોના કરૂણ મોત થયા હતા. આગ હોસ્પિટલના COVID-19 વોર્ડમાં લાગી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ સ્પષ્ટપણે જાહેર કરવામાં આવ્યું ન હતું, પરંતુ ફાયર સેફ્ટીના નિયમો અને ઈલેક્ટ્રિકલ ખામીઓ પર સવાલો ઉઠ્યા હતા. આ ઘટના બાદ રાજ્યભરની હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી ઓડિટ અને કડક નિયમોના પાલન માટે આદેશો આપવામાં આવ્યા હતા.

અમદાવાદ શ્રેયસ હોસ્પિટલ આગકાંડ (૨૦૨૦) : કોવિડ મહામારી દરમિયાન ભરૂચ અને અમદાવાદની હોસ્પિટલોમાં આગ લાગવાથી દર્દીઓના મોત થયા હતા.

આ ઘટનાઓએ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીની ખામીઓને ઉજાગર કરી હતી, અને બંને કિસ્સામાં તપાસ અને કાર્યવાહીના આદેશ અપાયા હતા. મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના (૨૦૨૨): મોરબીમાં મચ્છુ નદી પરનો ઐતિહાસિક ઝૂલતો પુલ તૂટી પડતાં ૧૩૦થી વધુ લોકોના મોત થયા હતા, જે એક ભયાવહ દુર્ઘટના હતી. પુલના સમારકામ અને જાળવણીમાં વ્યાપક બેદરકારી સ્પષ્ટપણે જોવા મળી હતી. આ દુર્ઘટના બાદ પણ મોટા પાયે તપાસ અને કડક કાર્યવાહીના આદેશ અપાયા હતા. વડોદરા હરણી બોટ કાંડ (૨૦૨૪) : વડોદરાના હરણી તળાવમાં શાળાના બાળકોને લઈ જતી બોટ પલટી જતાં ઘણા માસૂમ બાળકો અને શિક્ષકોના મોત થયા હતા. બોટમાં ક્ષમતા કરતાં વધુ લોકો બેસાડવા, લાઈફ જેકેટનો અભાવ અને સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન આ દુર્ઘટનાનું મુખ્ય કારણ હતું. આ મામલે પણ સરકારે કડક પગલાં લેવાની જાહેરાત કરી હતી. રાજકોટ ગેમઝોન દુર્ઘટના (૨૦૨૪) : રાજકોટના એક ટીઆરપી ગેમઝોનમાં લાગેલી ભીષણ આગમાં ૩૦થી વધુ લોકોના જીવ ગયા હતા. આ ગેમઝોન ગેરકાયદેસર રીતે ચાલતો હોવાનું અને ફાયર સેફ્ટીના કોઈ જ નિયમોનું પાલન ન કરતો હોવાનું બહાર આવ્યું હતું. આ દુર્ઘટના બાદ પણ રાજ્યભરના ગેમઝોન અને આવા સ્થળો પર કડક કાર્યવાહીના આદેશ અપાયા છે.

મહીસાગર નદી પર ગંભીરા બ્રિજ દુર્ઘટના (જુલાઈ ૨૦૨૫) : વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ તૂટી પડતાં ૯ લોકોના મોત થયા અને અનેક વાહનો નદીમાં ખાબક્યા. આ બ્રિજની જાળવણી અને ગુણવત્તા પર સવાલો ઉઠી રહ્યા છે, અને ફરી એકવાર 'કડક પગલાં' લેવાની વાત થઈ રહી છે.

આ તમામ દુર્ઘટનાઓમાં એક પેટર્ન જોવા મળે છે. ઘટના બને છે, તંત્ર ઊંઘતું ઝડપાય છે, લાશો ઢગલાબંધ પડે છે, વિપક્ષ પ્રહારો કરે છે, અને છેવટે સરકાર દ્વારા "કડક કાર્યવાહી" અને "ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની તકેદારી" જેવા આશ્વાસનો આપવામાં આવે છે. પરંતુ સવાલ એ થાય છે કે શું ખરેખર આ કડક પગલાં લેવાય છે? શું જવાબદારોને કાયમી ધોરણે સજા મળે છે? અને સૌથી અગત્યનું, શું આ ઘટનાઓમાંથી કોઈ બોધપાઠ લઈને ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ અટકાવવા માટે નક્કર પગલાં લેવાય છે? આશા રાખીએ કે ગંભીરા બ્રિજ દુર્ઘટના ઓછામાં ઓછું તંત્રને જગાડે અને ગુજરાત ફરી ક્યારેય આવી ભયાવહ ઘટનાઓનો સાક્ષી ન બને.

### રામાયણનો પહેલો ભાગ ૨૦૨૬માં દિવાળી પર રિલીઝ થશે

# રણબીરને રામાયણની બે ફિલ્મોમાં ૧૫૦ કરોડ મળશે

**'રામાયણ'માં રણબીરને કરિયરની સૌથી વધુ ફી મળવા જઈ રહી છે ત્યારે અન્ય સ્ટાર્સની ફી અંગે વિગતો બહાર આવી નથી**

મુંબઈ, તા.૯

સનાતન સંસ્કૃતિ અને સંસ્કારોની ભવ્ય રજૂઆતના સંકલ્પ સાથે 'રામાયણ'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. નિતેશ તિવારીના ડાયરેક્શનમાં આ ફિલ્મ બે ભાગમાં બની રહી છે. ભગવાન રામના રોલમાં રણબીર કપૂરની ઝલક પણ તાજેતરમાં રિલીઝ થઈ છે. હવે, ફિલ્મમાં રણબીરની ફી અંગે પણ ખુલાસો થયો છે. 'રામાયણ'ના બે ભાગમાં રણબીર માટે રૂ.૧૫૦ કરોડની ફી નક્કી થઈ હોવાનું કહેવાય છે. 'રામાયણ'માં રણબીરને કરિયરની સૌથી વધુ ફી મળવા જઈ રહી છે ત્યારે અન્ય સ્ટાર્સની ફી અંગે વિગતો બહાર આવી નથી. આ ફિલ્મમાં રાવણના રોલમાં યશ અને સીતા માતા તરીકે સાઈ પલ્લવી જોવા મળશે. 'રામાયણ'ની એક ફિલ્મ માટે રણબીરને ૭૦-૭૫ કરોડની રકમ મળવાની છે ત્યારે તેની પાસે અપેક્ષા પણ વધી છે. પ્રભાસની 'આદિપુરુષ'થી નિરાશ થયેલા દર્શકોને રણબીરની 'રામાયણ' જરૂર પસંદ આવશે, તેવુંફિલ્મ મેકર્સ માની રહ્યા છે. ફિલ્મની રિલીઝ પૂર્વે ઉત્સુકતા વધારવા પ્રમોશન પણ પૂર જોશમાં ચાલી રહ્યું છે. તાજેતરમાં ટીઝર લોન્ચ માટે દેશના ૯ શહેરો ઉપરાંત ન્યૂયોર્ક ટાઈમ્સ ખાતે ઈવેન્ટ્સ યોજાઈ હતી. રામ અને રાવણ વચ્ચે ચાલતા યુદ્ધને ગ્લોબલ ઓડિયન્સ સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ પણ આ સાથે થયો છે. ફિલ્મમાં ભગવાન હનુમાન તરીકે સની દેઓલ અને લક્ષ્મણજીના રોલમાં રવિ દુબે છે. ફિલ્મની કાસ્ટમાં જાણીતા એક્ટર્સને સ્થાન આપવાની સાથે મ્યૂઝિકમાં પણ વિશેષ તકેદારી રખાઈ છે. હાન્સ ઝીમર અને એર આર રહેમાન મ્યૂઝિક બનાવી રહ્યા છે, જ્યારે એક્શન સીક્વન્સ માટે હોલિવડના સ્ટન્ટ કો ઓર્ડિનેટર ટેરી નોટરી અને ગાય નોરિસને બોલાવાયા છે. 'રામાયણ'નો પહેલો પાર્ટ દિવાળી ૨૦૨૬ પર રિલીઝ થશે, જ્યારે બીજો પાર્ટ દિવાળી ૨૦૨૭ પર આવશે. ભારતીય સંસ્કૃતિની ભવ્યતા અને વર્તમાન સમયની સિનેમા ટેકનોલોજી સાથે ઓડિયન્સને ખુશ કરવાના ઈરાદા સાથે બંને ભાગ માટે રૂ.૮૦૦ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવશે. ફિલ્મને ગ્લોબલ બોક્સઓફિસ પર મોટા પાયે રિલીઝ કરવાનું આયોજન છે.

### માર્ગ-મકાન વિભાગના ઈજનેરનો દાવો

# એક સપ્તાહ પહેલા જ કરેલી તપાસમાં બ્રિજમાં કોઈ નુકસાની જોવા મળી ન હતી

**દુર્ઘટના માટે માત્રને માત્ર તંત્ર જવાબદાર : સ્થાનિકો**

વડોદરા, તા.૯

મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો મહીસાગર નદી પરનો આશરે ૪૦ વર્ષ જૂનો ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટના બની હતી. આ ઘટનામાં બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી બે ટ્રક, એક બોલેરો જીપ સહિત ચાર વાહનો બે કાંઠે વહેતી મહીસાગર નદીમાં ખાબક્યા હતા.

આ ઘટનાની જાણ થતા ટોળે વળેલા લોકોનો તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો. લોકો જણાવી રહ્યા હતા કે ૪૫ વર્ષ જૂના ગંભીરા બ્રિજના સમારકામ માટે તંત્રને અનેક વખત ધ્યાન દોરવામાં આવ્યું હતું. પરંતુ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આજે આ દુર્ઘટના સર્જાઈ છે. આ દુર્ઘટના માટે માત્રને માત્ર તંત્ર જવાબદાર હોવાનો સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો.

બ્રિજ દુર્ઘટનાને લઈને મુખ્ય ઈજનેરનો ચોંકાવનારો દાવો કર્યો છે "ગયા સપ્તાહે જ તપાસ કરી જેમાં કોઈ નુકસાની જોવા ન મળી હતી, ગયા વર્ષે જ બ્રિજના સ્ટ્રક્ચરમાં નુકસાની જણાઈ હતી, જેનું સમારકામ થયું હતું,ચાલુ વર્ષે પણ માર્ગ-મકાનની તપાસમાં નુકસાન સામે આવ્યું હતું, બેરિંગ કોટમાં ચાલુ વર્ષે જ સમારકામ કરાયું હતું.સમારકામ હમણાં જ થયું હોય તો બ્રિજ તુટી કેવી રીતે પડ્યો? જવાબમાં ઈજનેરે જણાવ્યુ કે ગયા સપ્તાહે જ બ્રિજની મરામત થઈ' હવે ગંભીર સવાલ એ છે કે એવું તો કેવું સમારકામ થયું કે, બ્રિજ જ તુટી પડ્યો? બ્રિજ પર સતત વાહનોની અવરજવર હતી, ગંભીરતા કેમ ન લીધી?

પુલનું પુનઃકાર્ય શરૂ ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે. જાહેરનામામાં જણાવ્યા અનુસાર, પાદરા-આણંદને જોડતા ગંભીરા પુલ પર તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે. વધુમાં, ઉમેટા બ્રિજ ભારે વાહનો માટે પ્રતિબંધિત રહેશે.

વૈકલ્પિક માર્ગોમાં, તારાપુરથી વડોદરા જતા ભારે વાહનોને સીધા વાસદ થઈને વડોદરા તરફ જવાનું રહેશે. બોરસદ તાલુકાના ગામડાઓમાંથી વડોદરા તરફ જતા નાના વાહનોને ગંભીરા બ્રિજ તરફ જવાને બદલે ઉમેટા થઈને નીકળવા અને ભારે વાહનોને વાસદ રૂટનો ઉપયોગ કરવા જણાવાયું છે. પાદરા તરફથી આણંદ કે તારાપુર તરફ જતા વાહનોને ગંભીરા બ્રિજની જગ્યાએ નાના વાહનોને ઉમેટા તરફ અને મોટા વાહનોને વાસદ થઈને નીકળવાનું રહેશે.

## વર્ષ ૧૯૫૫ માં મુંબઈ રાજયનાં પ્રધાન ઈન્દુબેન શેઠ દ્વારા લોકાર્પણ થયેલ

# અમરેલી–સાવરકુંડલા માર્ગ ઉપરનો બ્રિજ ૭૦ વર્ષ પુરાણો

પિપાવાવ–કોવાયા તરફથી હજારોની સંખ્યામાં નાના–મોટા વાહનોની અવર–જવર છતાં બ્રિજને નવો બનાવાતો નથી

જનપ્રતિનિધિઓ જનતાને લીલા ચશ્મા પહેરાવીને સુકા ઘાસને લીલું બતાવવાનો નિરર્થક પ્રયાસ કરે છે

અમરેલીનાં નાના માચીયાળા નજીકનો પુલ ૪૫ વર્ષ પહેલા બનેલ તે પણ જર્જરિત હાલતમાં

કોઈ અકસ્માતની ઘટના બને તે પહેલા જિલ્લાનાં તમામ બિસ્માર પુલોને જમીન દોસ્ત કરી નવા બનાવો



સાવરકુંડલા, તા. ૯

વડોદરાના પાદરા બ્રિજ ધારાશાહી થવાની ગમખ્વાર દુર્ઘટના બાદ અમરેલી જિલ્લામાં ૭ વર્ષ પહેલા બનેલા સ્ટેટ હાઈવે પરનો શેત્રુજી નદી પરનો બ્રિજ ગમખ્વાર અકસ્માતની રાહ જોઈ રહ્યો હોવાની પ્રતીતિ વચ્ચે દ્વારા રિયાલિટી ચેક કરવામાં આવતા ૧૯૫૫માં મુંબઈ રાજયમાં જયારે અમરેલી આવતું ત્યારે તે વખતના પ્રધાન ઈન્દુબેન શેઠ દ્વારા ૮ ઓગસ્ટ ૧૯૫૫માં આ બ્રિજ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો આજે આ ૭ વર્ષમાં વ્હાણા વીતવા આવ્યા ત્યારે આ બ્રિજની હાલત હાલક ડોલક જેવી થઈ ગઈ છે ૭ વર્ષ પહેલા આ બ્રિજ નાના વાહનો અને બળદગાડાઓ ચાલે તે માટે નિર્માણધીન થયેલો પણ આજે આ પીપાવવા અંબાજી સ્ટેટ હાઈવે ગણાઈ છે ને આ પીપાવવા અંબાજી સ્ટેટ હાઈવે એટલે અમરેલીથી સાવરકુંડલા જવાનો શેત્રુજી નદી પરનો મુખ્ય બ્રીજ કહેવાય છે ચારેતરફ બ્રિજના સળિયાઓ બહાર ડોકિયા કરે છે ને સળિયાઓ બહાર આવ્યા છે જયારે બ્રિજની ઘણીખરી રેલીંગ પણ તૂટી ગઈ છે જયારે બ્રિજ પરથી પીપાવાવ પોર્ટના મસમોટા કન્ટેનર ટ્રક પસાર થાય છે ઓવરલોડ વાહનો પસાર થાય છે મુખ્ય સ્ટેટ હાઈવે હોવાથી રોજના હજારો વાહનો આ બ્રિજ પર પસાર થતા હોય ત્યારે અતિ જર્જરીત બની ગયેલા બ્રિજ પર મોટા વાહનો ચાલવાથી વાઈબ્રેટિંગ કરતો હોય ને ઝૂલતો બ્રિજ હોવાનો અહેસાસ થાય છે ત્યારે વાહનચાલકો પણ આ બ્રિજ પર ડરમાં વાહનો પસાર કરી રહ્યા છે ને બ્રિજ તૂટે તેવી દહેશત વ્યકત કરી રહ્યા છે.

હજુ આજની તાજેતરની ઘટના પાલરા બ્રિજની થઈ હોય ત્યારે આ બ્રિજ શેત્રુજી નદી પરનો શેત્રુજી બ્રિજ આજે ૭૫ વર્ષ પૂર્ણ થયા છે ને જર્જરીત બન્યો હોય ત્યારે તાકીદ આ બ્રીજની મરામત નહીં થાય તો પાલરા બ્રિજ જેવી ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ તેવી ભીતિ સ્પષ્ટ જોવા મળી રહી છે.

---

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતાનું નિવેદન

## ગુજરાતમાં છેલ્લા ૧૮ વર્ષમાં રરથી વધુ બ્રિજ થયા જમીનદોસ્ત

### સુપ્રીમકોર્ટ કે હાઈકોર્ટનાં સીટીંગ જજ પાસે તપાસ કરાવો

અમરેલી, તા. ૯

ગોઝારી દુર્ઘટના બાદ સરકારનું એક જ રટણ હોય છે કે તપાસ થશે તેવી ભાજપ સરકારની જાહેરાત વચ્ચે ગુજરાતમાં વધુ એક બ્રિજ ધરાશાયી અને નવ–નવ માનવ જીન્દગીના મોત અંગે સુપ્રીમકોર્ટ – હાઈકોર્ટના સીટિંગ ન્યાયાધીશના વડપણ હેઠળ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું કે ગુજરાતની ભાજપા સરકારની ભ્રષ્ટાચારી નીતિના પાપે વારંવાર આવી ઘટના બને છે. રાજયમાં અનેક નિર્માણાધીન બ્રિજ ધરાશાયી થયા છે. ગંભીર અને દુખદ ઘટનાઓ બાદ પણ સરકારના પેટનું પાણી હલતું નથી. ગોઝારી દુર્ઘટના બાદ સરકારનું એક જ રટણ હોય છે કે તપાસ થશે. આ પ્રકારના જવાબોએ સરકારની આંખ મીચામણા નીતિ છે. તંત્રની ગુનાહિત બેદરકારીના કારણે આ સમસ્યા સર્જાઈ છે જેમાં નવ નવ માનવ જીન્દગી હોમાઈ છે. સમારકામ માટેની માંગ બાદ પણ કોઈ પગલાં ભરાયા નથી. ગંભીર બ્રિજની ગંભીર ઘટના માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી થાય તે માટે ઘટનાની ન્યાયી અને પારદર્શક તલસ્પર્શી તપાસ સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના જજની અધ્યક્ષતાવાળી સમિતિ દ્વારા થાય તેવી માંગ કોંગ્રેસ પક્ષ કરે છે. પુલ ધરાશાયી થતાં નવ નવ નિર્દોષના મોત નીપજયા છે. આ ઘટનમાં સરકારે તપાસના આદેશ આપ્યા છે. જે માત્ર નાટકરૂપ સાબિત થશે. કેમ કે અત્યાર સુધી તપાસના નામે એક પણ અહેવાલ જાહેર થયો નથી. માત્ર પુલમાં જ નહિ પણ ગુણવત્તા વિનાના રોડ રસ્તા બનાવી બેફામ ગેરરીતિઓ આચરનારને નવા નવા કોન્ટ્રાકટ આપવામાં આવી રહ્યા છે. ભાજપાના ભ્રષ્ટાચારી મોડલને કારણે આવી દુર્ઘટના બની રહી છે.

ભાજપના શાસનમાં ચુંટણી ફંડ આપોને પુલ–રોડ રસ્તાના કોન્ટ્રાકટ મેળવો તે સ્કીમ ચાલી રહી છે. આ જ પ્રમાણે અન્ય પુલ દુર્ઘટનામાં ય માર્ગ મકાન વિભાગ રીપોર્ટ આપીને તપાસનું નાટક કરશે. થોડાક દિવસોમાં આખીય વાત ભૂલાઈ જશેને, આખીય વાત પર હળવેકથી ઠંડુ પાણી રેડી દેવાશે. આજ દિન સુધી પુલ તૂટવાની ઘટનામાં એકેય કોન્ટ્રાકટર સામે કડક પગલા લેવાયા નથી તે જગજાહેર છે.

**ગુજરાતમાં અત્યાર સુધી કેટલા પુલ**

| વર્ષ | તુટયા સ્થળ | જીલ્લો |
|---|---|---|
| ૨૦૨૪ | હળવદનો બ્રિજ | મોરબી |
| ૨૦૨૩ | વઢવાણ બ્રિજ | સુરેન્દ્રનગર |
| ૨૦૨૩ | પાલનુપર આર.ટી.ઓ. બ્રિજ | બનાસકાંઠા |
| ૨૦૨૩ | ખેડા બ્રિજ | ખેડા |
| ૨૦૨૩ | ધંધુસરા બ્રિજ | જુનાગઢ |
| ૨૦૨૨ | મોરબીનો ઝૂલતો બ્રિજ | મોરબી |
| ૨૦૨૨ | માધાપર ચોકડી બ્રિજ | રાજકોટ |
| ૨૦૨૨ | બોપલ રીંગ રોડ | મુમતપુરા |
| ૨૦૨૨ | બોરસદ ચોકડી | આણંદ |
| ૨૦૨૨ | હાંડોડ | લુણાવાડ |
| ૨૦૨૨ | નંદેલાવ | ભરુચ |
| ૨૦૨૨ | ઊંઝા હાઈવે | મહેસાણા |
| ૨૦૨૨ | સિઘરોટ | વડોદરા |
| ૨૦૨૧ | શાંતિપુરા | અમદાવાદ |
| ૨૦૨૧ | મમતપુરા બ્રિજ | અમદાવાદ |
| ૨૦૨૦ | આજીડેમ ચોકડી | રાજકોટ |
| ૨૦૨૦ | મહેસાણા બાયપાસ | મહેસાણા |
| ૨૦૧૯ | સતોડાક ગામ | રાજકોટ |
| ૨૦૧૭ | હાટકેશ્વર બ્રિજ | અમદાવાદ |
| ૨૦૧૬ | પીપલોદ ફલાયઓવર | સુરત |
| ૨૦૦૭ | ઉઘના દરવાજા | સુરત |

---

## ગુરુ વંદના



અમરેલી, તા. ૮

શ્રી સદગુરૂજીનાં શ્રી ચરણોમાં વંદન સાથ ગુરૂ વંદના, ગુરૂ ઉપદેશ અનુસાર આચરણ સાથ ગુરૂ પૂર્ણિમાને વધાવીએ.

તું નોધારાંનો આધાર અસાધ્યની સારવાર,
તને વંદીએ વારંવાર ગુરૂ તણો મહિમા અપરંપાર.
ગુરૂ તે તો કાયને કંચન કીધાં આંસુ અમારાં પીધાં,
આશરો તારો હરિદ્વારા ગુરૂ તણો મહિમા અપરંપાર.
હું તો ભટકત દુનિયાનાં છેડે, પાયરીમાં બેસત સાવ છેલ્લે,
કૂળ અજવાળ્યા તે ભરથાર, ગુરૂ તણો મહિમા અપરંપાર.
હળવે હાથે ખૂંદયા અભિમાન સેવા, સ્મરણ એ જ તારૂ વરદાન,
હાથ ઝાલી પાર તરાવ્યો સંસાર, ગુરૂ તણો મહિમા અપરંપાર.
સત્ય, પ્રેમના ધર્મને મળાવી સીધી લીટી તે કર્મની કરાવી,
કરૂણા ઘોડે કરાવ્યો અસવાર ગુરૂ તણો મહિમા અપરંપાર.
બાકી રહેલાં શ્વાસે રહેજે ભવસાગરનાં વિશ્વાસે વહેજે,
જિંદગી જેમ મોત સુધારજે કિરતાર ગુરૂ તણો મહિમા અપરંપાર.
અપરાધ કોટિ મારાં માફી આપજે બંધન કર્મનાં આ ભવે તો કાપજે,
જેવું તેવું તો ય હું તારૂ જ બાળ ગુરૂ તણો મહિમા અપરંપાર.

**– મિતલ ખેતાણી**
**(રાજકોટ મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**


**''અમરેલી એક્સપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**


---

## ગુરુ પૂજનનુ મહત્વ

ગુરૂ એ સાક્ષાત્ ઈર ભગવાન છે એટલે રોજ સવારે વહેલા ઊઠીને, સ્નાન કરીને, માતા–પિતા અને ગુરૂને વંદન કરવા જોઈએ. તેનાથી આપણને મનની શાંતિ મળ છે. ગુરૂનું સ્થાન વિશિષ્ટ છે પણ અત્યારે આ સમયમાં કોઈ માતા–પિતા તથા ગુરૂને પ્રણામ કરતા નથી. ગુરૂનું આપણા જીવનમાં અદભુત પાત્ર છે. અત્યારે લોકો માતા–પિતા તથા ગુરૂને ભૂલી ગયા છે એટલા માટે અત્યારના જમાનામાં રસ્તો ભટકી ગયા છે એટલે મનની શાંતિ મળતી નથી. સાચા ગુરૂ મળવા એ પણ એક લહાવો છે. સાચા ગુરૂ મળવાથી આનંદની અનુભૂતિ થાય છે. સાચા ગુરૂ મળવાથી સચ્ચિદાનંદની પ્રાપ્તિ થાય છે. પહેલાના જમાનામાં પાઠશાળા કે સ્કૂલ, કોલેજો કે પ્લે હાઉસ, નર્સરી એવું કઈ હતું નહીં ત્યારે રાજા મહારાજા પણ પોતાના રાજકુમરોને આશ્રમમાં ગુરૂ પાસે ભણવા મોકલતા. ત્યાં તેઓ ધનુર્વિદ્યા અન્ય વિદ્યા શાસ્ત્રોમાં પારંગત થતા. ગુરૂ દ્વારા આપણને ભગવાન મળે છે. ગુરૂ આપણને ભગવાનના સાક્ષાત્ દર્શન કરાવે છે. ભગવાન મળવાથી ગુરૂ મળતા નથી પરંતુ ગુરૂ મળવાથી જ ભગવાન મળે છે. ગુરૂએ પરમ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. ગુરૂ સાચો આનંદ સુખ શાંતિ આપે છે. ગુરૂ ફકત પુસ્તકીયુ જ જ્ઞાન આપતા નથી પરંતુ વ્યવહારિક જ્ઞાન પણ આપે છે. જે જીવન જીવવા માટે જરૂરી હોય છે. ગુરૂ જ્ઞાનનો ભંડાર છે. ગુરૂ ન હોય તો ગુરૂ વિના જ્ઞાન કોણ આપે ? ગુરૂ આપણા અંતર આત્માને જગાડે છે.

ઓમ જ્ઞાન રૂપાય વિદ્મહે,
ગુરૂ દેવાય ધીમહી, તન્નો ગુરૂ પ્રચોદયાત્

માતૃ દેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ,

કૃષ્ણ ભગવાન અને સુદામા પણ સાંદિપની આશ્રમમાં ભણવા ગુરૂ પાસે ગયા હતા અને ત્યાં તેઓ ગુરૂ માતા તથા ગુરૂજી પાસે રહીને ભણતા. જંગલમાં એક વાર સુદામા તથા કૃષ્ણ ભગવાન લાકડા કાપવા માટે ગયા હતા. આમ પહેલાના જમાનામાં ગુરૂની આજ્ઞા પાળતા. ગુરૂજીને ના કહી શકતા નહીં. ગુરૂજીની અવજ્ઞા ન કરતા. ગુરૂજીનું કહેવું શિરોમાન્ય રાખીને તે કાર્ય કરતા. ગુરૂ આજે શું કોઈપણ સમય સંજોગોમાં પરિસ્થિતિમાં પાલન કરતા ગુરૂની આજ્ઞાથી જયારે જંગલમાં લાકડા કાપવા માટે ગયા ત્યારે ચોમાસું હતું. મુશળધાર વરસાદ હતો. વરસાદમાં પલળવાથી ઠંડી લાગી કૃષ્ણ ભગવાન અને સુદામા ઠંડીથી ધ્રૂજી રહ્યા હતા પછી તેઓ એક ઝાડ પર ચડીને બેસી ગયા. પછી ગુરૂજી કૃષ્ણ તથા સુદામાને ફાનસ લઈને ગોતવા આવ્યા હતા. આ તો કૃષ્ણ અવતારની વાત થઈ પણ રામ અવતારમાં પણ દશરથ રાજા અયોધ્યા નરેશે પોતાના ચારેય રાજકુમારો રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્નને પણ ગુરૂ વશિષ્ઠ પાસે આશ્રમમાં ભણવા માટે મોકલ્યા હતા.

ઓમ સહનાવતુ,
સહનેભુનકતું, સહ વીર્યમ્
કરવા વહૈ, તેજસ્વીના,
અધિકતમસ્તું,
મા વિદ્વિશા વહૈ, ઓમ
શાંતિ, શાંતિ, શાંતિ...

ગુરૂ શિષ્ય બંનેનું રક્ષણ કરો. બંનેને એક સાથે જમાડો. આનંદ આપો. અમો બંને સાથે પુરૂષાર્થ મહેનત કરીએ. અમારૂ ભણેલું તેજસ્વી હો. અમે આપસમાં દ્વેષ, ઈર્ષ્યા, અભિમાન ન કરીએ.

ૐ શાંતિ શાંતિ
ૐ પૂર્ણ મિદ પૂર્ણા,
ૐ પૂર્ણા મેદમ પૂર્હણાતી

**રચયિતાઃ દિપ્તીબેન પી. રાવલ, ઉપલેટા**


**દિપ્તિબેન પી. રાવલ**
આમ્રપાલી સોસાયટી, આંબેશ્વર મંદિર પાસે, પોરબંદર રોડ
ઉપલેટા–જિ.રાજકોટ

પાના ૮ ઉપરનું ચાલું
## આરોપીઓનો નિર્દોષ છુટકારો

આરોપીઓ વચ્ચે થયેલ માથાકુટમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોના આધારે થયેલ છે.

આ બનાવની વિગતો જોવામાં આવે તો આ કામનો બનાવ તા. ૮/૬/૨૦૧૮ના રોજ ન્યાયના મંદીરના બિલ્ડીંગમાં સવારે ૧૧ વાગ્યા આસપાસ બનેલ હતો અને આ કામના ફરીયાદી લલીતભાઈ નાનજીભાઈ ચાવડા કે જેઓ મોટા માચીયાળા ગામે રહે છે તેમના ભાઈ મનોજભાઈ લક્ષ્મણભાઈ ચાવડાએ અગાઉ આ કામના આરોપીઓ સામે ફરીયાદ નોંધાવેલી હોય અને જેનો કેસ અમરેલી કોર્ટમાં એટ્રો કેસ નં. ૧૩/૧૭ તરીકે ચાલતો હોય તેમાં તેઓને સમન્સ બજતા જુબાની આપવા માટે હિતેષભાઈ લક્ષ્મણભાઈ ચાવડા સાથે મુદત તા. ૮/૬/૨૦૧૮ના રોજ આવેલ હતા. તે સમયે તેઓ કોર્ટ બિલ્ડીંગની લોબીમાંથી જઈ રહયા હતા ત્યારે દેવેનભાઈ ચાંપરાજભાઈ ધાધલ, ઘનશ્યામભાઈ ચાંપરાજભાઈ ધાધલ, ભુપતભાઈ ઘોહાભાઈ ધાધલ, લાલો ઉર્ફે સિધ્ધરાજભાઈ કનુભાઈ, છત્રજીતભાઈ ઉર્ફે બાવલીભાઈ બાપલુભાઈ સામે તમામ આરોપીઓએ સાથે મળીને જ્ઞાતિ બાબતે અપમાનીત કરી બિભત્સ ગાળો આપી અને કહેલ કે આજે તમે કોર્ટમાં છો એટલે બચી ગયા છો કોર્ટની બહાર નીકળ એટલે રોડ ઉપર જ જીવતો ચીરી નાખવો છે. અમે ગાડીમાં હથીયાર સાથે લાવેલ છીએ. તેવી ધમકી આ કામના આરોપીઓએ આપતા આ કામના ફરીયાદીએ તેમના મોટા બાપુના દિકરા મનોજભાઈને જાણ કરેલી અને તેણે પોલીસ કંટ્રોલ રૂમ અમરેલી ખાતે જાણ કરતા પોલીસ પ્રોટેકશન સાથે આ કામના ફરીયાદી કોર્ટમાં મુદતે હાજર રહયા હતા અને ત્યારબાદ તેઓએ હાલની ફરીયાદ આ કામના તમામ આરોપીઓ વિરૂધ્ધ આપેલી હતી.

ત્યારબાદ પોલીસે આ બાબતે પાંચેય આરોપીઓ સામે ગુન્હો નોંધીને તપાસ કરેલી હતી અને તપાસના અંતે દેવેનભાઈ ચાંપરાજભાઈ ધાધલ તથા ઘનશ્યામભાઈ ચાંપરાજભાઈ ધાધલ તથા ભુપતભાઈ ઘોહાભાઈ ધાધલ તથા સિધ્ધરાજભાઈ કનુભાઈ તથા છત્રજીતભાઈ ઉર્ફે બાવલીભાઈ બાપલુભાઈ સામે એટ્રોસીટી એકટની કલમ–૩(૧) તથા ૩(૨) તથા આઈપીસીની કલમ–૧૪૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનું ચાર્જશીટ કરેલું હતું.

આ કામે જે તે સમયે મોટા માચીયાળા ગ્રામ પંચાયતની સરપંચ પદની ચુંટણી હોય અને તે ચુંટણીમાં સરપંચ પદના સામેના ઉમેદવાર દેવેનભાઈ ધાધલ પોતે પ્રચાર ન કરી શકે તે માટેનો કેસ નં. ૧૩/૧૭ ચાલુ હોય તે બાબતે જુબાની આપવા માટે આ કામના ફરીયાદી તથા સાહેદને સમન્સ બજેલ હોય જેથી તેઓ નામદાર કોર્ટમાં આવેલ હોય ત્યારે નામદાર કોર્ટના બિલ્ડીંગના લોબીમાં હાલનો બનાવ બનેલ હોય પોલીસે ફરીયાદીને તથા સાહેદને પ્રોટેકશન પુરૂ પાડેલ હોય અને બનાવની ગંભીરતાને ધ્યાને લઈ તપાસ કરી આ કામે ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

આ કામનો બનાવ અમરેલી કોર્ટ બિલ્ડીંગમાં ફરીયાદી તથા સાહેદને સમન્સ બજતા જુબાની આપવા માટે આવેલ હોય અને કોર્ટ બિલ્ડીંગની લોબીમાં જ બનાવ બનેલ હોય અને ફરીયાદી તથા સાહેદને પોલીસ પ્રોટેકશન પુરૂ પાડેલ હોય જેથી આ બનાવ ચર્ચાસ્પદ બનેલ હતો.

આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, જેમાં પોલીસ અધિકારી તથા તપાસ કરનાર અધિકારીને આ કામે બચાવપક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે તપાસવામાં આવેલ હતા.

આ કામે સમગ્ર કેસ ચાલી જતા આ અંગેનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હતો. આ સંજોગો નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ આરોપી પક્ષ તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તરફથી રજુ કરવામાં આવેલા તેની હકીકત કાયદાની જોગવાઈઓની જે વિષદ છણાવટ કરેલી તેની હકીકત ધ્યાને લઈ આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીઓને એડી. સેશન્સ જજ ડી.એસ. શ્રીવાસ્તવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપીઓ તરફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા જે.પી. ત્રિવેદી રોકાયેલ હતા.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ – ગર્લ્સ સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ – મિશ્ર સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ – ઈ.મી. સ્કૂલ પ્રવેશ
ગર્લ્સ સ્કૂલ માં – હોસ્ટેલ ગર્લ્સ & સિટી ગર્લ્સને પ્રવેશ
મિશ્ર સ્કૂલ માં – સિટી કુમાર & સિટી ગર્લ્સને પ્રવેશ

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૬૧ | ૪૮૦ |
| ૨ | ધાણા | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૩ | મગ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૪ | ફાડા | ૧૦૪૫ | ૧૦૪૫ |
| ૫ | સોયાબીન | ૭૪૧ | ૭૭૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૨ | ૧૦૫૩ |
| ૨ | શિંગ મોટી | ૯૬૫ | ૧૦૫૪ |
| ૩ | શિંગદાણા | ૧૩૨૪ | ૧૫૫૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૨૧૨ | ૧૪૨૬ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૧૬૩ |
| ૬ | તલ કાળા | ૨૩૧૦ | ૩૯૦૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૧૭૦ | ૨૩૭૨ |
| ૮ | બાજરો | ૩૯૦ | ૪૮૨ |
| ૯ | જુવાર | ૫૬૦ | ૬૯૯ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૫૪૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૯ |
| ૧૨ | મકાઈ | ૪૯૫ | ૪૯૫ |
| ૧૩ | મગ | ૯૦૦ | ૧૩૭૧ |
| ૧૪ | ચણા | ૯૭૦ | ૧૧૨૬ |
| ૧૫ | સફેદ ચણા | ૭૦૦ | ૧૦૯૦ |
| ૧૬ | તુવેર | ૯૦૦ | ૧૨૬૨ |
| ૧૭ | કપાસ | ૮૦૦ | ૧૬૫૬ |
| ૧૮ | એરંડા | ૧૨૨૦ | ૧૨૯૧ |
| ૧૯ | જીરૂ | ૩૧૦૦ | ૩૫૦૧ |
| ૨૦ | ધાણી | ૧૧૬૫ | ૧૩૭૦ |
| ૨૧ | મેથી | ૭૭૫ | ૮૭૧ |
| ૨૨ | સોયાબીન | ૬૦૦ | ૮૦૬ |

### વિભાગીય નિયામકને રજૂઆત કરાઈ
# અમરેલી–કાંગસા રૂટની બસ હંમેશા મોડી ઉપડતા વિદ્યાર્થીઓ પરેશાન
### ધારીનાં વિદ્યાર્થીઓ ગામડે પહોંચી શકતા નથી

અમરેલી, તા. ૯

અમરેલીથી બપરો ૪ કલાકે ઉપડતી અમરેલી–કાંગસા રૂટની એસ.ટી. બસ કે જે વાયા ધારી ચાલે છે તે હંમેશા અનિયમિત હોવાથી ધારી આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારોમાં જવા માટે વિદ્યાર્થીઓને પરેશાની ભોગવવી પડતી હોય. યોગ્ય કરવા ડીસીને વિદ્યાર્થીઓએ રજૂઆત કરી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## આણંદ નજીકનો પુલ તૂટી પડતા

પ્રિવેન્ટીવ મેન્ટેનન્સને બદલે બ્રેક ડાઉન મેન્ટેનન્સ કેમ થાય છે? માણસો મરે પછી જ નવો પુલ બનાવવાનો, વાહન નવા ખરીદાય, વાહન બનાવતા ઉદ્યોગકારોનાં ફાયદા માટે દરેક વાહનની લાઈફ નક્કી થાય પછી ફરજીયાત નવું વાહન લેવું પડે છે. પુલની લાઈફ પુરી થાય તે પહેલાં કેમ નવા પુલ નથી બનતા ? ભગવાન જાણે... હે ભગવાન સત્તાધિશોને બુધ્ધિ પ્રદાન કરશો!

હવે આ ગમખ્વાર દુર્ઘટના બાદ તંત્ર દ્વારા આ બ્રીજ પરથી જવા–આવવા માટે હાલ તુરંત પ્રતિબંધ મૂકાયો. આને કહેવાય બ્યૂરોક્રસીનું શાણપણ..!!

કરૂણાંતિકાને પણ આ કેવો યોગ સાંપડે છે. એક તરફ કાળજા ચિરી નાખે તેવું આક્રંદ અને બીજી તરફ તંત્રની નિંભરતા..

અમુક બુધ્ધિજીવી મિત્રો તો હવે એમ પણ વ્યંગમાં કહે છે કે સરકાર ઉડતા વાહનોને વધુ પસંદ કરે છે કારણ કે આકાશમાં ખાડા નથી અને જર્જરિત પુલો પણ નથી..!! પોતાની નિષ્ફળતા ઢાંકવા માટે સરકાર પણ ઉંધે માથે હવાતિયાં મારી રહી છે. સરકારને હવે સ્મશાનવત શાણપણ લાધ્યું એટલે કેવા કેવા સ્ટેટમેન્ટ આપે છે..! સરકાર આવી દુર્ઘટનાઓનો ઉંડી તપાસ હાથ ધરશે. સરકાર સંવેદનશીલ છે અને મૃતકો પ્રત્યે ઊંડું દુઃખ અનુભવે છે. તો શું આવતીકાલથી ગુજરાતના તમામ પુલોની તપાસ થશે? પુલનું આયુષ્ય અને જરૂરી તમામ પુલનું સમારકામ હાથ ધરાશે.. કે પછી?? સંક્ષેપ કહીએ તો મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો મહીસાગર નદી પરનો ૪૫ વર્ષ જૂનો ગંભીરા બ્રિજ આજે વહેલી સવારે તૂટી પડતાં હાહાકાર મચી ગયો હતો. આ ઘટનામાં બ્રિજ પરથી પસાર થઈ રહેલા બે ટ્રક, એક બોલેરો જીપ સહિત ચાર વાહનો બે કાંઠે વહેતી મહીસાગર નદીમાં ખાબકયાં. આ દુર્ઘટના બનતા આસપાસનાં ગામના લોકો ટોળે ટોળા સ્થળ પર ઉમટી પડેલ. સુસાઈડ પોઈન્ટ તરીકે કૂખ્યાત આ બ્રિજ તૂટતાં વડોદરા, ભરૂચ અને અંકલેરનો સંપર્ક તૂટયો.

ભગવાન જાણે આવી કેટલી ગમખ્વાર દુર્ઘટનાઓ ગુજરાતના ભાલે લખાઈ હશે ? હવે આ દુર્ઘટના બાદ સરકારને શાણપણ આવે અને યુધ્ધના ધોરણે તમામ પુલોની ચકાસણી કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે એવું આમજનતા ઈચ્છે છે.

**–પ્રસ્તુતિ બિપીનભાઈ પાંધી**
**સાવરકુંડલા**

## કુલમુખત્યારનામુ ખોવાયા અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **શોભનાબેન ભીખુભાઈ કોરાટ** રહે. હાલરીયાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ચકકરગઢ રોડ, અમૃતધારા–૨
રે. સર્વે.નં. ૩૩૨ પૈકી — બીનખેતી પ્લોટ નં. ૩૬
જેના ચો.મી. ૧૧૯–૦૯
રજી. દસ્તાવેજ નં. ૨૮૭ — તારીખ : ૦૭/૦૨/૨૦૧૭

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ સુરેશભાઈ નંદરામભાઈ અગ્રવાત પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. સુરેશભાઈ નંદરામભાઈ અગ્રાવતે ઉપરોકત મિલ્કત કિશોરભાઈ ગોરધનભાઈ પાલડીયા રહે. અમરેલીનાં કુલમુખત્યાર રમેશભાઈ નંદરામભાઈ અગ્રાવત પાસેથી રજી. દસ્તાવેજ નં. ૮૪૭ તા. ૦૭/૦૩/૨૦૧૪નાં રોજ ખરીદ કરેલ છે. કિશોરભાઈ ગોરધનભાઈ પાલડીયાએ ઉપરોકત મિલ્કત રવજીભાઈ માવજીભાઈ જોગાણીનાં કુલમુખત્તયાર સંજયભાઈ રામજીભાઈ પટેલ પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૨૪૧ તા. ૦૯/૦૫/૧૯૯૭નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનુ કુલમુખત્યારનામુ હાલ ખોવાયેલ હોય હાલ મળી આવતુ ન હોય પરંતુ સદરહુ કુલમુખત્યારનામુ રજી. દસ્તાવેજ નં. ૧૨૪૧ તા. ૦૯/૦૫/૧૯૯૭નાં રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૯/૦૭/૨૦૨૫
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૪૦ | ૧૬૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૩૫ |
| ૩ | મગફળી | ૧૦૪૦ | ૧૦૭૦ |
| ૪ | જીરૂ | ૨૮૯૦ | ૩૭૫૦ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૪૦ | ૧૯૭૦ |
| ૭ | તલ કાળા | ૨૬૬૦ | ૩૪૦૦ |
| ૮ | ચણા | ૧૦૬૨ | ૧૧૦૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૩૦ | ૧૦૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૪૦ | ૧૦૯૦ |
| ૩ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૦૧ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૮૦૦ |
| ૬ | જીરૂ | ૩૪૦૦ | ૩૮૦૦ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૦ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૫૪૩ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૫૧૫ |
| ૧૨ | મગ | ૧૧૦૦ | ૧૩૨૬ |
| ૧૩ | અડદ | ૭૦૦ | ૧૦૬૬ |
| ૧૪ | ચણા | ૧૦૮૦ | ૧૧૪૦ |
| ૧૫ | તુવેર | ૧૧૦૦ | ૧૩૯૫ |
| ૧૬ | રાય/રાયડો | ૧૧૦૦ | – |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૨૬૯ |
| ૧૮ | સોયાબીન | ૬૦૦ | ૭૬૯ |
| ૧૯ | મેથી | ૬૦૦ | – |

### રોશની શાખાનાં ચેરમેનમાં ગંભીરતાનો અભાવ
# અમરેલી શહેરમાં પાલિકાની રોશની શાખાની અણઆવડત અને બેદરકારીથી સેંકડો સ્ટ્રીટલાઈટ બંધ
### રાજમહેલ કેમ્પસની પણ તમામ લાઈટો બંધ છતાં સબ સલામતના ગાણા

અમરેલી, તા. ૯

અમરેલી પાલિકાની રોશની શાખાનાં કર્મચારીથી લઈને ચેરમેન સુધી તમામમાં ગંભીરતાનો અભાવ જોવા મળી રહયો છે. શહેરમાં અંદાજિત ૮૦૦ થી ૧ હજાર સ્ટ્રીટલાઈટ છેલ્લા દોઢ વર્ષથી બંધ હાલતમાં જોવા મળી રહી છે. છતાં રોશની શાખાનાં ચેરમેન સબ સલામતનાં ગાણા ગાઈ રહયા છે.

અમરેલી નગર જાણે કે અંધેરી નગરી હોય તેવુ સ્પષ્ટ જોવા મળી રહયું છે. શહેરમાં રખડતા પશુઓ, બિસ્માર માર્ગો, અનિયમિત પાણી વિતરણ, બેફામ ગંદકી, જાહેર માર્ગો પર વ્યાપક દબાણની સાથે મોટી સંખ્યામાં સ્ટ્રીટ લાઈટ બંધ જોવા મળી રહી છે.

જયાં જિલ્લા કક્ષાની સરકારી કચેરીઓ આવેલ છે તે રાજમહેલ કેમ્પસની તમામ સ્ટ્રીટ લાઈટ બંધ છે. તો ગર્લ્સ હાઈસ્કુલ સામે બનાવાયેલ બ્યુટિફિકેશન ઉપરાંત ચિતલરોડ અને વરસડા માર્ગ પરની પણ સાઈડની તમામ લાઈટો મહિનાઓથી બંધ જોવા મળી રહી છે.

શહેરીજનોમાં પાલિકા સામે વ્યાપક પ્રમાણમા નારાજગી જોવા મળી રહી છે. ૬ મહિના બાદ પાલિકાની સામાન્ય ચુંટણીઓ આવી રહી હોવા છતાં પણ શાસકો ગંભીર બનતા નથી.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરામાં બિસ્માર બનેલ બ્રિજની

માંગ ઉઠવા પામી છે.

રાહદારીઓમાં થી જાણવા મળ્યું હતું કે, આ બ્રિજ બન્યો તેને લગભગ આઠથી દસથી બાર વરસ જેટલો સમય થયો છે. આમ તો શરૂઆતથી બ્રિજ બાંધ કામ બાબતે વિવાદમાં રહ્યો હતો પણ બ્રિજનું કામ પૂર્ણ થયું બાદ થોડા સમયમાં આ ગાબડાં પડયા હતા. તંત્ર દ્વારા મરામત કરાય હતી અને પછી અનેકવાર ગાબડા પડયા હતા. છેલ્લે ગયા વર્ષે તંત્ર દ્વારા ડામર ચોપડી મરામત કામગીરીનો સંતોષ માન્યો હતો. હાલ આ બ્રિજ પરથી મસમોટા ભારેખમ વાહન તેમજ ખાનગી ટ્રાવેલ્સ, એસ.ટી. બસ સહિત મોટા વાહનો રાજકોટ, ભાવનગર, અમરેલી, ગોંડલ અને જૂનાગઢ તરફનો તમામ વાહન વ્યવહાર આ બ્રિજ સાથે જોડાયેલ છે. કાળુભાર નદીમાં બાંધેલ આ બ્રિજની ગુણવત્તા અને મરામત કામગીરીનું નિરીક્ષણ સ્થાનિક તંત્ર દ્વારા સત્વરે કરવામાં આવે તેવી રાહદારીઓમાં માંગણી ઉઠી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## શિયાળબેટ–પિપાવાવ જેટી ઉપર

પર આવેલું છે અને અહીં ૧૦,૦૦૦થી વધુ વસ્તી વસે છે. ગામના લોકો, શાળાના શિક્ષકો, તલાટી મંત્રી અને પોલીસ સહિતના લોકો દરરોજ બોટ મારફતે અવરજવર કરે છે. શિયાળબેટમાં ૩૫ જેટલી બોટ વહેલી સવારથી સાંજ સુધી ફેરી સેવા આપે છે. જો કે, બોટમાં ઓવરલોડિંગ અને સુરક્ષા નિયમોનું પાલન ન થવાને કારણે આ પ્રકારની દુર્ઘટનાઓ વારંવાર બને છે. ૫૦ લોકોની ક્ષમતા સામે ૧૫ લોકોની મર્યાદા શિયાળ બેટના એક આગેવાન વ્યકિત એ જણાવ્યું કે, 'અવારનવાર ફિશરીઝ અને મરીન પોલીસને રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં લેવામાં આવતાં નથી. બોટમાં ૧૫ લોકોની મર્યાદા હોવા છતાં ૫૦થી વધુ લોકોને બેસાડવામાં આવે છે. ૫૦ વર્ષ પહેલાં પણ આવી જ દુર્ઘટનામાં ૫ લોકો ડૂબી ગયા હતા. જોકે આ ઘટનામાં મરીન પોલીસ દ્વારા બેદરકારીનો ગુન્હો નોંધાયો. પીપાવાવ મરીન પોલીસ પીએસઆઈએ જણાવ્યું કે, આ બોટમાં ૧ પુરૂષ અને ૧ મહિલા સવાર હતા. મહિલાને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી છે. બોટ પલટી જવાની ઘટનામાં બોટ માલિક સામે બેદરકારીનો ગુન્હો નોંધવામાં આવ્યો છે. દોઢ વર્ષ પહેલાંના વીડિયો અને ફોટા પણ સોશ્યયલ મીડિયા પર વાઈરલ થયા છે જેમાં લોકોની જોખમભરી મુસાફરી સ્પષ્ટ જોવા મળે છે.

સુરક્ષા માટે તાત્કાલિક પગલાંની જરૂર દરિયાઈ માર્ગ પર શિયાળબેટ ગામના લોકોની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. બોટ ઓવરલોડિંગ રોકવા માટે કડક નિયમો અને મરીન પોલીસની સક્રિયતા જરૂરી છે.

## કુલમુખત્યારનામુ ખોવાયા અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **જશકુબેન પ્રતાપરાય ધાધલ** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી વરસડા રોડ, બ્રાહ્મણ સોસાયટી પાસે, ખોડિયારનગર
રે. સર્વે.નં. ૬૪ પૈકી — બીનખેતી પ્લોટ નં. ૧૯ પૈકી
જેના ચો.મી. ૮૦–૦૦
રજી. વેચાણ કરાર નં. ૩૧૭૫ — તારીખ : ૨૭/૦૬/૨૦૨૫

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ હંસાબેન ચાંપરાજભાઈ ખાચર પાસેથી ખરીદ કરવા ઉપરોકત રજી. વેચાણ કરાર કરેલ છે. હંસાબેન ચાંપરાજભાઈ ખાચરે ઉપરોકત મિલ્કત સવિતાબેન ભીમજીભાઈ મોરીનાં કુલમુખત્યાર ભવદિપભાઈ ચાંપરાજભાઈ ખાચર પાસેથી રજી. દસ્તાવેજ નં. ૩૩૦૮ તા. ૨૦/૦૮/૨૦૧૯નાં રોજ ખરીદ કરેલ છે. સવિતાબેન ભીજીભાઈ મોરી ઉપરોકત મિલ્કત જયાબેન બાબુભાઈ ભલાણી પાસેથી રજી. દસ્તાવેજ નં. ૨૧૪૧ તા. ૦૫/૦૯/૨૦૦૯નાં રોજ ખરીદ કરેલ છે. જયાબેન બાબુભાઈ ભલાણીએ ઉપરોકત મિલ્કત (૧) કાળુભાઈ ગોપાભાઈ ખણેચા (૨) જીણાભાઈ ગોપાભાઈ ખણેચા (૩) લાલજીભાઈ ગોપાભાઈ ખણેચા (૪) બાલુભાઈ ગોપાભાઈ ખણેચા (૫) કાનજીભાઈ ગોપાભાઈ ખણેચા (૬) વાલજીભાઈ ગોપાભાઈ ખણેચા રહે. બધા અમરેલીનાં કુલમુખત્યાર રવજીભાઈ દેવજીભાઈ પરમાર રહે. અમરેલીવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૨૬૭૧ તા. ૨૮/૧૦/૨૦૦૪ નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનુ કુલમુખત્યારનામુ હાલ ખોવાયેલ હોય હાલ મળી આવતુ ન હોય પરંતુ સદરહુ કુલમુખત્યારનામુ રજી. દસ્તાવેજ નં. ૨૬૭૧ તા. ૨૮/૧૦/૨૦૦૪નાં રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૯/૦૭/૨૦૨૫
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૧૧૯/૨૦૨૫
તા.૦૩/૦૭/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) હિરપરા ગોદાવરીબેન પ્રાગજીભાઈ, રહે.પિયાવા, તા.સાવરકુંડલા, જિ. અમરેલી
**એડવોકેટ : કેતનભાઈ બી. ખુમાણ, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી હિરપરા ગોદાવરીબેન પ્રાગજીભાઈની પુત્રી **હિરપરા ત્રિવેણીબેન પ્રાગજીભાઈનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૨ના રોજ મુ.પિયાવા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૩/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ**
**મેજિસ્ટ્રેટ સાવરકુંડલા**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૨૦ | ૪૮૪ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૭૧ |
| ૩ | ચણા | ૭૦૦ | ૧૦૮૧ |
| ૪ | સોયાબીન | ૭૬૦ | ૭૮૦ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૬ | વાલ | ૬૨૦ | ૬૨૦ |
| ૭ | તુવેર | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | મેથી | ૬૪૫ | ૬૪૫ |
| ૧૦ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | મગફળી | ૮૦૦ | ૮૦૦ |

# દામનગરમાં બીપીએલ કાર્ડનાં અભાવે ગરીબો પરેશાન

દામનગર, તા. ૯

દામનગર નગરપાલિકા તંત્રની વિચિત્ર ગોઠવણ ગરીબી હટાવો નહિ ગરીબોને જ હટાવો એકબાજુ સરકાર છેવાડા માનવીને લાભાવીંત કરવા પ્રચાર પ્રસાર કરી રહી બીજીબાજુ દુરંદેશી વગરના ભ્રષ્ટ સત્તાધીશોને ગરીબોની કે મજૂરોની મજબૂરી દેખાતી નથી શ્રમિક ગરીબ ઘરનો મુખ્ય કમાનાર વ્યકિતનું આકસ્મિક અવસાન થાય ત્યારે મૃતક પરિવારની વિધવાને મળવાપાત્ર સંકટ મોચન સ્ટાઈફંડ ન મેળવી શકે કારણ કે સરકારી દરેક યોજનાઓમાં લાભાર્થીની ફરજિયાત પાત્રતા બીપીએલ અતિ પછાત અને અત્યંત ગરીબ હોવા છતાં ૨૦ વર્ષથી બી પી એલ સર્વે જ કરાયો નથી પાલિકા તંત્રએ ગરીબી દેખાતી જ નથી એનું શું ? વર્ષે પેવર બ્લોક રસ્તાઓના નામે ભ્રષ્ટાચાર કરી પોતાની પેવર બ્લોક દુકાનો માજ રચ્યા પચ્યા સત્તાધીશો કપડાની જેમ ખાચા ગલી ગોતી ગોતીને પેવર બ્લોક કયાં નાખ્યા જેવું છે એ ગોતી શકે ત્યારે કોણ અતિ ગરીબ છે એ ન ગોતી શકે ? ૨૦ વર્ષથી અનેક પરિવારો અત્યંત ગરીબ લાચાર સ્થિતિમાં જીવી રહ્યા છે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન હોય કે સંકટ મોચન હજારો યોજનાઓ ગરીબો માટે બને છે તેના માટે ખૂબ મોટી બજેટ જોગવાઈ કરાય છે પણ તંત્ર વાહકોની ઘોર બેદરકારી એક પણ વ્યકિતને સરકારી યોજનાઓનો લાભ મળતો નથી.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

## જાહેર નોટિસ

**ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ**

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી)** રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા, તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **લીલીયા તાલુકા**ના મોજે : **સાજણટીંબા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીનો જમીનો આવેલ છે. તે ખેતીની જમીનો અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | ખાતાનંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | દિનેશભાઈ નાગજીભાઈ બાવીશી | ૫૦૧ | ૩૪૪ | ૩–૨૩–૭૯ |
| ૨ | અશોકભાઈ નાગજીભાઈ બાવીશી | ૧૭૫ | ૩૪૫ | ૨–૯૬–૩૫ |
| ૩ | રમેશભાઈ નાગજીભાઈ બાવીશી | ૩૦૪ | ૩૪૮ | ૩–૨૭–૫૯ |
| ૪ | રમેશભાઈ નાગજીભાઈ બાવીશી | ૫૯૧ | ૩૪૮/૧ | ૦–૨૬–૪૭ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનો સંબંધે કે તેના કબજા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૧૦ (દસ) માં જાણ કરવી, જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિતઓ પાસેથી અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૦૯/૦૭/૨૦૨૫**
**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા, મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦**

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**
**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૦૪૩ |
| ૨ | તલ સફેદ | ૧૫૬૧ | ૧૭૭૮ |
| ૩ | તલ પીળા | ૧૮૨૫ | ૧૯૨૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૧ |
| ૫ | બાજરો | ૩૭૬ | ૪૯૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૯ |
| ૭ | જુવાર | ૩૦૦ | ૮૬૬ |
| ૮ | મગ | ૧૩૦૨ | ૧૩૫૧ |
| ૯ | ચણા | ૧૦૦૧ | ૧૧૧૬ |
| ૧૦ | મેથી | ૯૦૧ | ૧૦૨૫ |
| ૧૧ | સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |
| ૧૨ | રાય | ૧૩૧૦ | ૧૩૧૦ |
| ૧૩ | સુવા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |

## 'ગુરુબ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો, મહેશ્વર'ના નાદ સાથે


# અમરેલી જિલ્લામાં આજે આસ્થાભેર 'ગુરુપૂર્ણિમા' ઉજવાશે

જિલ્લાભરની ગુરુગાદી અને જગ્યાઓમાં સંતવાણી, ભોજનપ્રસાદ, સહિતનાં કાર્યક્રમો યોજાશે

જિલ્લાભરમાં સવારથી આશ્રમો, ધર્મસ્થાનોમાં સેવકગણ ગુરુકૃપા મેળવવા ઉમટશે

પૂ.નારણગીરી આશ્રમ, પૂ.ભોજાબાપાની જગ્યા ફતેપુરધામ, સહિતની જગ્યામાં ધાર્મિક કાર્યક્રમો યોજાશે

સૌરાષ્ટ્રભરમાં વીરપુર, બગદાણા, સત્તાધાર સહિતની સુપ્રસિધ્ધ જગ્યામાં પણ ભકતગણ આશીર્વાદ મેળવશે




અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાં આવતીકાલ ગુરૂવારે ગુરૂપૂર્ણિમાંની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. જિલ્લાની વિવિધ જગ્યામાં સંતવાણી, પાદુકાપુજન, ભોજનપ્રસાદ સહિતનાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

અમરેલી નજીક આવેલ પૂ.ભોજાબાપાની જગ્યા ફતેપુરધામ, સા.કુંડલા માર્ગ ઉપર આવેલ પૂ. નારણગીરીબાપુ આશ્રમ, સહિતની અનેક નામી – અનામી જગ્યામાં આવતીકાલેગુરૂપૂજનકરવામાંઆવશે.

અમરેલીનાંનવાખીજડીયા ગામેસવારે૮કલાકેગુરૂપુજનઅનેસાંજે ૭કલાકેભોજનપ્રસાદરાખેલછે.

સ્વયં પ્રગટ શ્રી ભૂરખીયા હનુમાનજી દાદાનાં મંદિરે શ્રી ગુરૂપૂર્ણિમાના પાવન અવસર પર ગુરૂવારે સવારના રથયાત્રા પ્રસ્થાન થશે. ધમાલ નૃત્ય કરવામાં આવશે. બપોરના ૧૨ કલાકે ગુરૂ શ્રી દામોદરદાસ બાપાની શરણ પાદુકાનું પુજનકરવામાંઆવશે. સાંજના૪વાગે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા રાખવામાં આવેલ હોય, આ ઉત્સવનો લાભ લેવા શ્રી ભુરખીયા હનુમાનજી મંદિર પુજારી પરિવાર અને શ્રી ભૂરખીયાહનુમાનજીમંદિરટ્રસ્ટદ્વારા જણાવવામાંઆવેલછે.

---

### પી.એમ. મોદીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે કરી વાત

# વડોદરાના પાદરાનો ગંભીરા બ્રિજ તૂટી પડતાં વાહનો નદીમાં ખાબક્યા, ૯ મોત

**આણંદ અને વડોદરાને જોડતા ગંભીરા બ્રિજના ૨૩ ગાળા પૈકીનો ૧ ગાળો તૂટી પડવાથી દુઃખદ દુર્ઘટના સર્જાઈ : મોટાપાયે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ**

વડોદરા, તા.૯

વડોદરાથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ તૂટી પડતાં કુલ ૭ વાહનો નદીમાં ખાબકી ગયા છે. જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોતની સત્તાવાર માહિતી મળી છે. જ્યારે ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી કલેકટરે આપી હતી. મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો આ બ્રિજ આણંદ અને વડોદરા જિલ્લાને જોડવામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માહિતી અનુસાર એક ટ્રક, એક બોલેરો અને એક બાઈક સહિત પાંચ વાહનો નદીમાં ખાબક્યા હોવાના અહેવાલ છે. આ મામલે ખુદ કલેકટરે ઘટનાની જાણકારી આપી છે. જ્યારે કોંગ્રેસના દિગ્ગજ નેતા અમિત ચાવડાએ પણ એક્સ પર પોસ્ટ કરીને ઘટનાના વીડિયો શેર કર્યા હતા.

બ્રિજ ધરાશાયી થઈ જવાને કારણે મોટાપાયે ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ હતી. જેને ધ્યાનમાં રાખીને અમિત ચાવડાએ ટ્રાફિકનો નિકાલ લાવવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા તંત્રને અપીલ કરી હતી. આ બ્રિજનું નામ ગંભીરા બ્રિજ હોવાની જાણકારી મળી છે. નદીમાં ખાબકેલા વાહનો પાસે એક મહિલા મદદ માટે કરગરતી દેખાઈ હતી. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અને આકલાવના ધારાસભ્ય ચાવડા દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ આ બ્રિજ આણંદ અને વડોદરા જિલ્લાને કનેક્ટ કરે છે અને આ બ્રિજની હદ વડોદરા જિલ્લામાં આવતી હોવાથી તંત્રએ કામગીરી હાથમાં લીધી છે. તેમણે જણાવ્યું કે બ્રિજ તૂટવાની ઘટના બાબતે પોલીસને જાણકારી આપી દેવામાં આવતી હતી. હાલ બ્રિજ તૂટવાના કારણે પાંચ જેટલા વાહનો નદીમાં પડ્યા છે અને એક ટ્રક લટકતી છે. બંનેની જાણ કરી દેવામાં આવી છે.

આ બ્રિજ મહિસાગર નદી પર આવેલો છે. તેનું નિર્માણ ૧૯૮૫માં પૂર્ણ કરાયું હતું. બ્રિજ ધરાશાયી થતાં જ માર્ગ નિર્માણ

વિભાગની ગંભીર બેદરકારીની પોલ ખુલી ગઈ છે કેમ કે સરકારે નવો બ્રિજ બનાવવા મંજૂરી આપી હતી અને નવા બ્રિજ માટે સરવે પણ હાથ ધરાયો હતો પરંતુ આ બ્રિજની હાલત જર્જરિત થઈ ગઈ હોવા છતાં તેને બંધ નહોતો કરાયો. સ્થાનિકોએ આરોપ મૂક્યો કે આણંદ અને વડોદરા જિલ્લાને જોડતો ગંભીરા બ્રિજ ભાજપના શાસનમાં જાળવણીના અભાવે તૂટી પડ્યો. ગુજરાત માર્ગ અને મકાન વિભાગની ૨૫ વર્ષના આયુષ્ય અવધિ સાથે બનાવેલો બ્રિજ આજે ૪૫ વર્ષે તૂટી પડે અને લોકો મોતને ભેટે એની રાહ જોતી ભ્રષ્ટાચારમાં લિપ્ત ભાજપ સરકારને કુદરતનો વધુ એક તમાચો છે.

ઘટનાસ્થળેથી સામે આવેલા દશ્યો અનુસાર સ્થાનિકોએ બચાવ કામગીરી શરુ કરી દીધી છે. ફાયરબ્રિગેડની ટીમ પણ આવી પહોંચી છે. આ મામલે અમિત ચાવડાએ તંત્રને ઘેરતાં અનેક સવાલો પણ ઊઠાવ્યા હતા. બે પિકઅપ વાન, એક ઈકો, ટુ વ્હિલર અને ટ્રક નદીમાં ખાબક્યા હતા. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક્સ પર માહિતી આપતા જણાવ્યુ છે કે, આણંદ વડોદરાને જોડતા ગંભીરા બ્રિજનો એક ગાળો તૂટી જવાથી સર્જાયેલી દુર્ઘટના મનને અત્યંત વ્યથિત કરનારી છે. રાજ્ય સરકાર આ દુર્ઘટનાથી અસરગ્રસ્ત પ્રત્યેક પરિવારની સાથે પૂરી સંવેદનાથી તેમની પડખે ઊભી છે. દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પ્રત્યેક વ્યકિતના વારસદારને ૪ લાખ રૂપિયાની સહાય રાજ્ય સરકાર આપશે. તેમજ, દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલ પ્રત્યેકને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય, ઉપરાંત તમામ સારવાર વ્યવસ્થા પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. આજે સવારે એટલે ૯મી જુલાઈના રોજ વડોદરા જિલ્લામાં એક મોટી દુર્ઘટના બની છે. આણંદ અને વડોદરાને જોડતા ગંભીરા બ્રિજના ૨૩ ગાળા પૈકીનો ૧ ગાળો તૂટી પડવાથી દુઃખદ દુર્ઘટના સર્જાઈ છે. આ દુર્ઘટનામાં હાલ નવ લોકોના મોત થયા હોવાનું સામે આવી રહ્યુ છે. જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે જેમની સારવાર ચાલી રહી છે. આ પુલ અધવચ્ચેથી તૂટી પડતાં જ પાંચેક જેટલા વાહનો સીધા નદીમાં પડી ગયા હતા. જેમાં એક ટ્રક અને એક પિકઅપ વાહનનો પણ સમાવેશ થાય છે.

આ સાથે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માહિતી આપી છે કે, વડાપ્રધાન મોદીએ તેમના વિદેશ પ્રવાસ દરમિયાન મારી સાથે ટેલિફોનિક વાતચીત કરીને આણંદ-વડોદરાને જોડતા ગંભીરા બ્રિજની થયેલી દુર્ઘટના અંગે સંપૂર્ણ વિગતો મેળવીને આ દુર્ઘટનામાં જાન ગુમાવનારા મૃતકો પ્રત્યે સંવેદના વ્યકત કરી હતી. તેમણે આ દુર્ઘટનામાં જે લોકો ઈજા પામ્યા છે તેમની સારવાર માટેની ચિંતા કરીને સારવાર પ્રબંધ અંગેની જાણકારી પણ મેળવી હતી. વડાપ્રધાનએ બચાવ અને રાહત કામગીરી અંગે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલી કામગીરીની વિગતો પણ મેળવી હતી.

## આ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર લોકોની યાદી

વૈદિકા રમેશભાઈ પઢીયાર, ગામ-દરિયાપુરા
નૈતિક રમેશભાઈ પઢીયાર, ગામ-દરિયાપુરા
હસમુખભાઈ મહીજીભાઈ પરમાર, ગામ-મજાતણ
રમેશભાઈ દલપતભાઈ પઢીયાર, ઉં. વ.૩૨, ગામ-દરિયાપુરા
વખતસિંહ મનુસિંહ જાદવ, ગામ-કાન્હવા
પ્રવિણભાઈ રાવજીભાઈ જાદવ, ઉં. વ.૨૬, ગામ-ઉંડેલ
કાનજીભાઈ મેલાભાઈ માછી, ગામ - ગંભીરા
જશુભાઈ શંકરભાઈ હરિજન, ગામ - ગંભીરા

ઈજાગ્રસ્તોની યાદી

સોનલબેન રમેશભાઈ પઢિયાર, ઉં. વ. ૪૫, ગામ-દરિયાપુરા
નરેન્દ્રસિંહ રતનસિંહ પરમાર, ઉં. વ. ૪૫, ગામ-દહેવાણ
ગણપતસિંહ ખાનસિંહ રાજુલા, ઉં. વ. ૪૦, ગામ-રાજસ્થાન
દિલીપભાઈ રામસિંહ પઢિયાર, ઉં. વ.૩૫, ગામ-નાની શેરડી
રાજુભાઈ ડુડાભાઈ, ઉં. વ. ૩૦, ગામ-દ્વારકા
રાજેશભાઈ ઈશ્વરભાઈ ચાવડા, ઉં. વ. ૪૫, ગામ-દેવાપુરા

---

### વરસાદથી અસરગ્રસ્ત બનેલા રસ્તાઓનું સમારકામ વેગવંતુ

# અમરેલી-કુંકાવાવ અને ચિત્તલ-રાંઢિયા-લુણીધાર માર્ગનું આસ્ફાલ્ટથી પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી

**મુખ્યમંત્રીનાં દિશાનિર્દેશો મુજબ કામગીરી શરૂ**



અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાં વરસાદથીઅસરગ્રસ્તબનેલારસ્તાઓનું સમારકામ વેગવંતું બન્યું છે. વરસાદના વિરામસાથેજઅમરેલીજિલ્લામાર્ગઅને મકાન (રાજય) તંત્રદ્વારાજિલ્લાનાવિવિધ માર્ગોનીમરામતકામગીરીમાંહાથધરવામાં આવી છે.

વરસાદીવાતાવરણપૂર્ણથતાં નાગરિકોને અવર–જવરની સુવિધામાં તકલીફના પડેતેમાટેરાજયનામુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો મુજબ અમરેલી જિલ્લાના માર્ગ મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા રસ્તા સમારકામની કામગીરી કરવા જિલ્લાના અગત્યના સ્ટેટ હાઈવે પૈકીઅમરેલી– કુંકાવાવ અને ચિત્તલ–રાંઢિયા–લુણીધાર (એમડીઆર) માર્ગનુંઆસ્ફાલ્ટએટલેકે ડામરથી પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવીછે.


વરસાદથી અસગરગ્રસ્ત થયાછેતેવારસ્તાઓનામરામતનીજઢરી કાર્યવાહી વહેલી તકે પૂર્ણ થાય તેવી પ્રાથમિકતાસાથેઅમરેલીજિલ્લામાર્ગઅને મકાન (રાજય) પ્રયત્નશીલ છે, તેમ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (રાજય) એ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

---

### અલખધણી પ.પૂ. ગુરૂવર્ય શ્રી ભાઈલાલકાકાની

# વડોદરાનાં વિરોહ ખાતે નકલંક મંદિરે ''ગુરુપુર્ણિમા''ની ઉજવણી થશે

**ગુરુપુજન, કથા સત્સંગ અને દેવપુજા યોજાશે**



અમરેલી, તા. ૯

વડોદરાજિલ્લાનાંદસકોઈ તાલુકાના વિરોહ ખાતે આવતીકાલે ગુરૂપુર્ણિમાન નિમિતે સેવકગણ દ્વારા અલખધણી પરમ પુજય ગુરૂવર્ય શ્રી ભાઈલાલકાકાની ગુરૂપુર્ણિમા ઉત્સવનું આયોજન નકલંકધામ ખાતે કરાયેલ છે.

આવતીકાલ ગુરૂવારે બપોરે ૩ કલાકે ગુરૂપુજનકથાસત્સંગ, સાંજે ૭.૨૫ કલાકે દેવ પુજન અને બાદમાં ભોજન મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

---

# દામનગરનાં સરદાર ચોક નજીકના માર્ગમાં ગાબડા પડયા



દામનગર, તા. ૯

દામનગર શહેરના અતિ ધમધમતા સરદાર ચોક તરફથી સત્ય નારાયણઆશ્રમસુધીજતાડામર રોડનો લુહાણા મહાજન વાડી તરફ પાળો ચડી ગયો આ રોડ નગરપાલિકા તંત્ર એ જાતે બનાવ્યો છે કે કોઈ એન્જસી એ? આ રોડ ગેરેન્ટીપિરિયડમાંછે? તોરીપેર કરોમાત્ર બે વર્ષ જેવા સમયમાં શહેરના હાર્દસમાં સરદાર ચોકમાં સી સી રોડ અને ડામર રોડ બંને તૂટી ગયા સીસી રોડમાં સિમેન્ટ નબળીઆવીગઈહશેઅનેડામરરોડમાં ડામર પડતર ગુણવતા વગરનો આવી ગયો હશે? એવું માની લઈ પણ રસ્તો રીપેર તો કરો લુહાણા મહાજન વાડી તરફનો ડામરરોડએકતરફપાળોચડી ગયો છે ભારે વાહનોથી વિરેખાર ગયો હોય તેવું માની લેવાય શહેરના ખાસા ગલીનવેળાઓખાનગી માલિકીઓમાં ગોતી ગોતી પેવર બ્લોક નાખતા સત્તાધીશોને મુખ્ય રસ્તાના ડામર રોડ રીપેર કરવા કેનવા બનાવવામાંશુવાંધો ? પાલિકા કચેરીના ખૂણે બસ સ્ટેન્ડના મુખ્યપ્રવેશદ્વારનાઅતિબિસ્માર બનેલ રસ્તાઓ અંગે તંત્ર વાહકો પ્રયાન આપે તેવી શહેરીજનોમાંથી માંગ ઉઠી રહી છે

---

# બાબરાનાં સરકારી દવાખાનામાં આજે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

બાબરા, તા. ૯

બાબરાનાં સરકારી દવાખાનામાં આવતીકાલ ગુરૂવારે સવારે ૯થી ૧ વાગ્યા સુધી આયુષ્યમાન ભારત અંતર્ગત સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે.

આ કેમ્પમાં જુદા–જુદા રોગોનાંનિષ્ણાંતતબીબોસેવાપુરીપાડશે.

## રાજકોટ-ભાવનગર હાઈવે ઉપર બ્રિજ હોય અકસ્માત થાય તે પહેલા

# બાબરામાં બિસ્માર બનેલ બ્રિજની મરામત તો કરો

**બ્રિજ પર મસમોટા ખાડા પડયા હોય વરસાદમાં બબ્બે ફૂટનાં પાણી ભરાઈ જતાં હોય છે**

**થોડા મહિનાઓ પહેલા ફરિયાદ ઉભી થતાં બ્રિજને માત્ર મેકઅપ કરી દેવાયાનો આક્ષેપ**

**અકસ્માત થયા બાદમાં તપાસ સમિતિ બનાવવા કરતાં પાણી પહેલા પાળ બાંધો તે જરૂરી**

**માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ વાતાનુકુલિન કચેરીમાંથી બહાર આવી તપાસ આદરે**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૯

બાબરામાંમાર્કેટિંગયાર્ડપાસે આવેલરાજકોટ-ભાવનગરસ્ટેટહાઈવે રોડ પરનો બ્રિજ પાછલા સમયથી બિસ્મારહાલતમાંજોવામળીરહ્યોછેપણ તંત્ર દ્વારા કોઈપણ જાતની નિરીક્ષણ કામગીરી કે મરામત કામગીરી હાથ ધરવામાં આવી નથી. બ્રિજ પર મસમોટાગાબડાંઅનેખાડાપડીગયાછે, તિરાડોપડીગઈછે,બ્રિજનીવચ્ચેતેમજ હાલચોમાસામાંબ્રિજપરપડેલખાડામાં પાણીભરાયજાયછે,બ્રિજનાબંનેછેડામાં પાણીકાયમભરાયછે.ત્યારેઆબ્રીજની કોઈ મોટીદુર્ઘટનાસર્જાયતે પેહલાતંત્ર દ્વારાબ્રિજનુંસમારકામહાથધરે તેવી

અનુસંધાન પાના ૬ ઉપર

## બોટમાં નિયમ કરતા વધુ મુસાફરો ભરાતા હોવાની ફરિયાદ વચ્ચે

# રાજુલા : શિયાળબેટ-પિપાવાવ જેટી ઉપર મુસાફર ભરેલ બોટ પલ્ટી મારી જતાં દેકારો

**સદ્‌નસીબને કોઈ જાનહાની ન થતાં સૌએ હાશકારો અનુભવ્યો**


તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

રાજુલા, તા. ૯

અમરેલીજિલ્લાનાદરિયાઈ માર્ગપરઆવેલાશિયાળબેટ ગામેફરી એકવારબોટ પલટીજવાનીઘટનાસામે આવીછે. પીપાવાવ પોર્ટથીશિયાળબેટ સુધીજવામાટેમાત્રબોટજએકમાત્રમાર્ગ છે. આજે એક બોટમાં રેતી અને મટિરિયલ ઓવરલોડ ભરવાના કારણે બોટ પલટી મારી ગઈ જેના કારણે ભારે નાસભાગમચીહતી.

આ દુર્ઘટનામાં બોટમાં ૩ લોકો સવાર હતા જેમાં શિયાળબેટના સ્થાનિક લોકો પોતાની મદદથી બહાર નીકળીગયાહતા. એકવૃદ્ધાનેગંભીરઈજા થતાં તાત્કાલિક રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જયાંથી વધુ સારવાર માટે અમરેલી રીફર કરવામાં આવી છે.

દરરોજ જોખમભરી મુસાફરીશિયાળબેટ ગામદરિયાઈ ટાપુ

અનુસંધાન પાના ૬ ઉપર

## જ્ઞાતિ બાબતે અપમાનીત કર્યાનાં એટ્રોસીટી કેસના મનદુઃખમાં

# અમરેલીનાં ન્યાય મંદિર બિલ્ડીંગમાં થયેલ માથાકુટનાં કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

**આરોપી તરફે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી**



અમરેલી, તા. ૯

અમરેલીનાં ન્યાય મંદિર બિલ્ડીંગમાં જ્ઞાતી બાબતે અપમાનીત કર્યા અંગેના એટ્રોસીટીનાં કેસનાં મનદુઃખમાં ફરિયાદી તથા

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)